છૂટક નકલ : રૂ. ૧૫-૦૦ વાર્ષિક લવાજમ : રૂ. ૫૦-૦૦

## ૧. સંપાદકીય

"The aim and content of education must be re-created to allow both for the new features of society and new features of democracy."

– Learning to be (1972) Published by UNESCO

હમણાં જ ૩૪ વર્ષ પછી નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ જાહેર કરવામાં આવી. માણસને સમાજ સાથે જોડવાનું કામ શિક્ષણ જ કરે છે. કોઈપણ સમાજને હવા, પાણીની જેટલી આવશ્યકતા છે તેટલી જ શિક્ષણની છે અને આ જરૂરિયાત કોઈ સમયગાળામાં બદ્ધ થયેલી નથી. એ દરેક પળે અનુભવાય છે. જીવનપર્યંત અનુભવાય છે. નવી શિક્ષણનીતિના હેવાલમાં પણ શિક્ષણની ભૌતિક વ્યવસ્થા, શિક્ષણનું વિષયવસ્તુ અને શિક્ષણનું મહત્ત્વ. આ બધાની વિગતે ચર્ચા કરવામાં આવી છે. અગાઉનાં તમામ શિક્ષણ પંચોના હેવાલની જેમ આ હેવાલ પણ શિક્ષણનું મહત્ત્વ સ્વીકારે છે અને સાથે સાથે પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થા એ આ તમામ પ્રકારની પળેપળ અનુભવાતી જરૂરિયાતને સંતોષી શકાતું નથી, એ વાતને પણ સ્વીકારે છે. જીવન-મૂલ્યોનું શિક્ષણ આપવામાં પણ પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થા બહુ સફળ નથી થઈ. શિક્ષણ મહદ્અંશે વ્યક્તિના વ્યાવસાયિક કૌશલ્યને વધારવાનું કામ કરે છે. જાણે કે વ્યવસાય ક્ષેત્રનું Feeder Sector ના હોય ? શિક્ષણનું મુખ્ય કામ સામાજિક ન્યાય, સમાનતા, બંધુત્વ અને ટકાઉ સમાજ રચવાનું છે, ગરીબીને દૂર કરવાનું છે અને સમાજમાં સમાનતા પ્રસ્થાપિત કરવાનું છે. આ પ્રશ્ન ન કેવળ ભારતમાં, સમગ્ર વિશ્વમાં શિક્ષણ સાથે જોડાયેલો છે. હાલનું શિક્ષણ વ્યક્તિને સમાજ સાથે, સમુદાય સાથે જોડવામાં નિષ્ફળ જાય છે. પરિણામે શિક્ષિત લોકો સમાજના પ્રશ્નોથી, પ્રવાહોથી, જરૂરિયાતોથી પરે થઈ જાય છે. શિક્ષણમાં વધારો થવા છતાં શિક્ષણ સમાજ નવરચના અને વિકાસનું અસરકારક માધ્યમ બની શકતું નથી. આપણું શિક્ષણ અનેકવિધ પ્રકારની બદ્ધતાઓમાં અટવાયેલું છે. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાની જરૂરિયાત છેક ડૉ. કોઠારી કમિશનથી માંડીને નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ સુધી દરેક હેવાલ/નીતિમાં સ્વીકારી છે. શિક્ષણ એના ધ્યેયને પહોંચી શકે અને સાર્વત્રિક બની શકે તે માટે જીવનપર્યંત શિક્ષણની તકો સર્જવી જરૂરી છે. પણ આપણા પ્રયાસો તો મહદ્અંશે શિક્ષણ સાર્વત્રિક કરવાને બદલે કેટલાક લોકોની અમાનત બનાવવાના રહ્યા છે અને આ જ્ઞાનયુગમાં શિક્ષણ જેમ વધારે અને વધારે અર્થપ્રાપ્તિનું સાધન બનતું જાય છે તેમ શિક્ષણ કેટલાક લોકોની અમાનત બનતી જાય છે. આ પ્રશ્ન આપણા એક જ દેશનો નથી, બધાનો છે. વિકસિત દેશોમાં અમેરિકા કે યુરોપમાં જુઓ કે દક્ષિણ એશિયાના ભારત ચીનથી માંડી શ્રીલંકા, નેપાળ જેવા દેશોને જુઓ. શિક્ષણનું પ્રવર્તમાન સ્વરૂપ એ માનવજાત સામે ઊભા થયેલા પડકારોથી અલિપ્ત છે. આપણા બાહ્ય જગત સામે અને આપણા આંતરિક વિશ્વ બંને સામે ખતરો ઊભો થયો છે. પર્યાવરણની કટોકટી, રોજરોજ આવતી કુદરતી આફતો, હવાનું પ્રદૂષણ અને મહામારીઓ આ બધા માનવ સમાજને છિન્ન-ભિન્ન કરનારાં તત્ત્વો છે. આપણું અંતરવિશ્વ વધતા જતા હતાશા-આપઘાતના કિસ્સાઓ, વધતી જતી હિંસક વૃત્તિઓ, ઘટતી જતી સહનશીલતા, તૂટતી ઉદારતામાં પરિણમી છે. માણસ-માણસ વચ્ચેની અસમાનતા, લાભાર્થી અને બિનલાભાર્થી વચ્ચેની ખાઈને મોટી કરતા જાય છે.

શિક્ષણ વ્યવસ્થાની બહાર જે વિશાળ જનસમુદાય છે એમના શિક્ષણની વાત પણ મહત્ત્વની છે. આપણે ત્યાં સરેરાશ શિક્ષણના વર્ષ ૯.૨ છે જે વધારીને ૧૨ કરવાના છે. અધવચ્ચે શિક્ષણને છોડી દેનાર અને ઔપચારિક શિક્ષણ પૂરું કરનારા, અરે, પીએચ.ડી. સુધી ભણનારાને પણ શિક્ષણની જરૂર છે. આ વ્યવસ્થાને અત્યારે છે તેના કરતાં અનેક ઘણી વ્યાપક કરવાની છે. આટલાં વર્ષો શિક્ષણના અભાવે આપણે ઘણું સહન કર્યું છે. જૂની સ્વાધ્યાયની વ્યવસ્થાઓ મરતી જાય છે. સમાજ હવે બદલાયો છે. ભૂતકાળ અને વર્તમાન અને ભવિષ્ય વચ્ચે મોટી ખાઈઓ પ્રવર્તે છે. આના લીધે પ્રૌઢશિક્ષણ, જીવનપર્યંત

**(અનુસંધાન પૃ.૨૯ પર...)**

સંપાદક : **મંદા પરીખ**

**'ભારતીય સમુદાય શિક્ષણ સંઘ' સંચાલિત**

# યાત્રાપથ

● પ્રકાશક ●
**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

'યાત્રાપથ' દર જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબરની ૧૫ તારીખે રવાના કરાય છે. તા. ૨૦ સુધીમાં જો અંક ન મળે તો કાર્યાલયના સરનામે જાણ કરશો.

● કાર્યાલય ●
**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**
**સમુદાય શિક્ષણ ભવન**
ઑફ આશ્રમરોડ,
નવજીવન પ્રેસ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૪
ફોન : ૦૭૯-૨૭૫૪૩૧૭૪
Email : iscehouse@gmail.com
Website : http://iscecommunity.org
Facebook : iscehouse@gmail.com

**વાચકોને : આપના પ્રતિભાવો અને કાર્યક્રમોની વિગતો જો મોકલશો, તો આભારી થઈશું.**

મુદ્રક :
**અર્થ કમ્પ્યૂટર**
૨૦૩, મૌર્ય કોમ્પ્લેક્સ,
સી. યુ. શાહ કૉલેજ પાસે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪
મો. ૯૩૨૭૦૩૬૪૧૪

Subject to Ahmedabad Jurisdiction

## ક્રમની કેડીએ...

| *ક્રમ વિષય* | *પૃષ્ઠ* |
|---|---|
| ૧. સંપાદકીય | ૦૧ |
| ૨. એક માનવીનો સાદ | ૦૪ |
| ૩. કોરોના કેપિટાલિઝમ : ભાગ-૬ | ૦૭ |
| ૪. પ્રવૃત્તિ સરિતા | ૧૫ |
| ૪.૧ ધ્વજવંદન | ૧૫ |
| ૪.૨ માતૃભાષા દિનની ઉજવણી | ૧૫ |
| ૪.૩ આદિવાસી વિસ્તારનાં પ્રવાસન સ્થળો અને સંસ્કૃતિ | ૧૬ |
| ૪.૪ નવા કૃષિ કાયદા અને આદિવાસી ખેડૂતો | ૧૭ |
| ૪.૫ ભારતીય સમુદાય શિક્ષણ સંઘ અમદાવાદ દ્વારા આયોજિત ઑનલાઈન કવિ સંમેલન-૨૦૨૧ | ૧૮ |
| ૪.૬ પ્રૌઢશિક્ષણ માટેની આંતરરાષ્ટ્રીય પરિષદ | ૨૩ |
| ૫. સમુદાય શિક્ષણમાં અવનવું | |
| ૫.૧ આંતર કોલેજ વક્તૃત્વ સ્પર્ધા | ૨૪ |
| ૬. પુસ્તક પરિચય | ૨૭ |

Education is of no value, if it is not able to build up a sound character.

•

Economics that hurt the moral well being of an individual or a nation are immoral and therefore sinful.

*- Mahatma Gandhi*



## ૨. એક માનવીનો સાદ *

**- પ્રા. રામલાલ પરીખ**

એ ૧૯૩૭નું વર્ષ હતું. એક અવાજ ઊઠ્યો કે "નિરક્ષરતા શરમ જનક છે. હિન્દુસ્તાનના માથે કલંક છે અને તે નાબૂદ થવી જ જોઈએ." આ નક્કર શબ્દો અને તીવ્ર લાગણી મહાત્મા ગાંધીજીના હતા. એમણે સ્ત્રીઓમાં તત્કાળ નિરક્ષરતા નાબૂદીની જરૂરિયાત પર ભાર મૂક્યો કેમ કે તેઓ માનતા હતા કે ભવિષ્યની પેઢીઓને શિક્ષણ આપવા માટે આ ખૂબ જ જરૂરી છે. પ્રત્યક્ષ જનસંચારની વિવિધ પદ્ધતિઓ વડે ધર્મગુરુઓ લોકોને શિક્ષિત કરે એ પ્રથા હિન્દુસ્તાનના ઇતિહાસમાં, અને ખાસ કરીને આઝાદી પહેલાના છેલ્લાં પાંચ સદીઓમાં વપરાતી રહી છે. બ્રિટિશરાજમાં આ પ્રથા ખોરવાઈ ગઈ અને મોટા પાયે નિરક્ષરતા વધી, ખાસ કરીને ગરીબી રેખા નીચે જીવતા લોકોમાં.

૧૯૪૭માં દેશની માત્ર ૧૪ ટકા વસ્તી શિક્ષિત હતી. ભારતીય બંધારણની ૪૫ની કલમના નિર્દેશોમાં લોકશિક્ષણના હિમાયતીઓની નિસ્બત વ્યક્ત થાય છે. આ કલમમાં કહેવામાં આવ્યું છે કે "રાજ્ય, આ બંધારણના અમલના દસ વર્ષની અંદર, તેમની ૧૪ વર્ષની વય સુધી ફરજિયાત અને મફત શિક્ષણ આપવાની વ્યવસ્થા કરશે." પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી હોવા છતાં ૧૯૯૨ની વસતિ ગણતરી પ્રમાણે માત્ર ૫૨% લોકો સાક્ષર થયા અને શિક્ષિતોની સંખ્યા અશિક્ષિતોની સંખ્યાને આંબીને સહેજ આગળ નીકળી એ ૯ થી ૩૫ વર્ષની વયના લોકોમાં નિરક્ષરતાના પ્રમાણમાં ભારે ઘટાડાનું કામ દેશના નવનિર્માણ માટે સૌથી વધારે મહત્ત્વનું છે. એ વાત સમજવી જોઈએ. આ માત્ર સાક્ષરતા-ક્રમાંક વધારવાની વાત નથી. પણ પ્રાથમિક શિક્ષણને લોકોના જીવન સાથે કેવી રીતે જોડી શકાય એ પ્રશ્ન છે.

આ જ સિદ્ધાંતને અનુલક્ષીને મહાત્મા ગાંધી દ્વારા તરીકે ૧૯૨૦માં સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ કે જે શિક્ષણ થકી રાષ્ટ્રીય નવઘડતરના કાર્યને સમર્પિત છે, તેને જવાબદારી સોંપાઈ. રાજ્યના ઘણા બધા આગેવાનોએ પ્રૌઢ શિક્ષણ દ્વારા સાક્ષરતા-વૃદ્ધિના કાર્યક્રમો શરૂ કરાયા છે. આ કાર્યો દ્વારા મોટી સંખ્યામાં

* ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ચલાવાયેલ સાક્ષરતા અભિયાનની એક ઝલક આમાં છે.

સ્વૈચ્છિક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓએ પ્રૌઢશિક્ષણના વર્ગો ચલાવી મજબૂત ઉદાહરણ પૂરું પાડ્યું છે આજે ગુજરાતની ૯૦ ટકાથી વધુ શાળાઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલે છે.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામ્ય અને આદિવાસી પ્રજામાં નિરક્ષરતા-નાબૂદી માટે આગેવાની કરી રહી છે. એના નેતૃત્વમાં ઑક્ટોબર ૧૯૮૭એ ગુજરાતમાં સંપૂર્ણ નિરક્ષરતા નાબૂદી માટે જરૂરી કામ કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. હાજર સ્વૈચ્છિક સંસ્થાઓના ૩૦૦ થી વધુ કાર્યકર્તાઓ દ્વારા સાક્ષરતા અભિયાન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. રાષ્ટ્રીય સાક્ષરતા અભિયાન (National Literacy Mission)ની શરૂઆતના પાંચ દિવસ અગાઉ ૧લી મેના દિવસે ગુજરાતમાં કરવામાં આવી હતી. ૧૯૮૯માં NLM અને સાક્ષરતા અભિયાને ૩૦ લાખથી વધુ પ્રાથમિક અક્ષરપોથી વહેંચવા અને શિક્ષણને દરેક નિરક્ષરના દરવાજે લઈ જવા માટે જોડાણ કર્યું. ૧૯ જિલ્લાઓમાં પથરાયેલી ૬૮૦ જેટલી સંસ્થાઓએ સાક્ષરતા અભિયાન માટે સંસ્થાદીઠ ત્રણથી ચાર ગામો દત્તક લીધાં. આના પરિણામે ગાંધીનગર, ભાવનગર અને ડાંગ જિલ્લાઓમાં દેશવ્યાપી અભિયાન શરૂ થતાં પહેલા જ ૧૫૪૭ ગામોમાં સંપૂર્ણ સાક્ષરતાના ધ્યેયને સિદ્ધ કરી શક્યા.

૧૯૯૮માં ગુજરાતમાં ૧૫મી થી ૩૫ની વયમર્યાદામાં આશરે ૫૦ લાખ પુખ્ત-નિરક્ષરો હતા. ૪૫ થી ૬૦ દિવસના એક એવા સાતેક દોરમાં લગભગ એક લાખ જેટલા વિદ્યાર્થી સ્વયંસેવકોએ ૧૦૦૦ જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળીને કામ કર્યું. દરેક સંસ્થાએ ઝડપી શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ૯૦ કલાકના એક દોર માટે પોતાની ૧૦૦ શિક્ષા-સેવકોની ટુકડીઓ તૈયાર કરી. તે પછી પણ સંપૂર્ણ શિક્ષા માટે અને શિક્ષા-કાર્યક્રમો પત્યા પછી પણ તે ટકી રહે તેની ખાતરી માટે ૬૨૦ જનશિક્ષણ નિલયમ દ્વારા પ્રવૃત્તિ આગળ વધારવામાં આવી. નવશિક્ષિતો માટે પ્રૌઢ શિક્ષણ સંસાધન કેન્દ્ર અને બીજી સંસ્થાઓ દ્વારા હજારો પ્રકાશનો ઉપલબ્ધ કરવામાં આવ્યા. પખવાડિક વોલ-પેપરો પ્રકાશિત કરીને દરેક સંસ્થાને દર પંદર દિવસે મોકલવામાં આવ્યા.

સાક્ષરતા અભિયાન પાયામાંથી આયોજન કરતું હોવાથી ગુજરાતમાં પુરુષોની સાક્ષરતામાં ૭૨ ટકા સુધીની સિદ્ધિ પ્રાપ્ત કરી શકાઈ હતી. પણ ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે સ્ત્રીઓમાં શિક્ષણનો દર આના કરતાં ઓછો



રહ્યો. દર તાલુકાએ ૧૦ એમ ૧૦૦ તાલુકામાં સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત હતી. દરેક સ્વૈચ્છિક સંસ્થા પાંચ ગામોને દત્તક લઈને ગામને અશિક્ષિતમાંથી શિક્ષિત કરવા કટિબદ્ધ બની હતી. આ પ્રકારની પ્રતિબદ્ધતાથી ગુજરાત ૮૦ ટકાથી વધુ શિક્ષાદર સાથે ૨૧મી સદીમાં પ્રવેશવા માટે તૈયાર થયું છે.

જો કે શિક્ષણની આ રૂપરેખા અલગ અલગ જિલ્લાઓમાં અસમાન છે. તેનું મોટું કારણ એ છે કે, ૧૯૪૭ પહેલા દેશી રજવાડાઓના જિલ્લાઓનું શિક્ષણસ્તર એકંદર અંગ્રેજી હકૂમત હેઠળ આવતા જિલ્લાઓ કરતાં ઓછું હતું. વડોદરા અને ભાવનગર જેવા રજવાડા ઝળકી રહ્યા હતા, જ્યારે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના ઘણા નાના રજવાડાઓમાં ૧૯૪૭ સુધી કોઈ શિક્ષણવ્યવસ્થા હતી જ નહીં. પરિણામે ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાઓમાં શિક્ષાનો દર અનુક્રમે ૮૭.૮ અને ૭૪.૬ ટકા છે, જ્યારે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આ દર માત્ર ૩૭.૯ ટકા જેટલો નીચો છે.

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ૧૯૭૭માં સ્થાપવામાં આવેલું SRC (પ્રૌઢ શિક્ષણ સંસાધન કેન્દ્ર) રાજ્યમાં સંપૂર્ણ નિરક્ષરતા નાબૂદી માટે યુદ્ધના ધોરણે કામ કરી રહ્યું છે. શીખવવામાં અને સેવા આપવામાં સ્ત્રીઓએ આ અભિયાનમાં મોટી સંખ્યામાં સક્રિય ભાગ લીધો છે. પોસ્ટરો અને સરઘસોએ સામુદાયિક શિક્ષણ અભિયાન માટે અનુકૂળ વાતાવરણ બનાવવામાં ભાગ ભજવ્યો છે. ચૂંટાયેલી જિલ્લા પંચાયતોની જિલ્લા સાક્ષરતા સમિતિઓને રાજ્ય કક્ષાના TLC (Total Literacy Campaign) માટે સાક્ષરતા અભિયાને ઉત્તમ સામગ્રી પૂરી પાડી. છેવાડાનાં ગામડાંઓ અને આદિવાસી વિસ્તારોમાંથી સફળગાથાઓ આવવાની શરૂ થઈ ગઈ. તેનાથી જિલ્લા પંચાયતોના વિકાસ અને વહીવટ માટે આત્મવિશ્વાસ ઊભો થયો અને હજારો પ્રાથમિક શિક્ષકો સાક્ષરતા અભિયાનમાં જોડાયા, જે પાછળથી જિલ્લા પંચાયત હેઠળના TLC નો ભાગ બન્યા. આજે બધા જ જિલ્લાઓ TLC હેઠળ આવી ગયા છે અને ૧૨ જિલ્લાઓ રાષ્ટ્રીય સાક્ષરતા અભિયાન (NLM) પ્રમાણિત ઉત્તર સાક્ષરતા અભિયાન હેઠળ છે.

●

## ૩. કોરોના કેપિટાલિઝમ : ભાગ-૬
## હિંદુ મૂડીવાદ અને મૂડીવાદીઓનો સમાજવાદ !

**– પ્રો. હેમંતકુમાર શાહ**

છાશવારે ભારતના ડાબેરીઓને અને સામ્યવાદી કે સમાજવાદી પક્ષો તથા તેમના નેતાઓને ગાળો દેતા જમણેરી ગણાતા ભાજપના નેતાઓ અને તેમના સમર્થકો અત્યારે એ તદ્દન સગવડભરી રીતે ભૂલી ગયા છે કે ૧૯૮૦માં જનસંઘના નવા અવતાર તરીકે સ્થપાયેલા ભાજપના બંધારણની કલમ-૨ ''સમાજવાદના સિદ્ધાંતો''માં ''શ્રદ્ધા'' વ્યક્ત કરે છે. ઉપરાંત, તેની કલમ-૪માં ''શોષણથી મુક્ત સમતામૂલક સમાજની સ્થાપના તરફ લઈ જતા, સામાજિક-આર્થિક પ્રશ્નો પ્રત્યેના ગાંધીવાદી અભિગમ'' પ્રત્યે ભાજપની ''પ્રતિબદ્ધતા'' વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાતના જ પાટનગર ગાંધીનગરમાં મળેલા ભાજપના આ ખુલ્લા અધિવેશનમાં ભાજપના આદર્શ તરીકે ''ગાંધીવાદી સમાજવાદ'' શબ્દપ્રયોગ ખૂબ ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યો હતો !

આઝાદી પછી એક જ દાયકામાં ૧૯૫૭માં દુનિયાભરની સૌ પ્રથમ સામ્યવાદી પક્ષની લોકશાહી રીતે થયેલી ચૂંટણીમાં ચૂંટાયેલી સરકાર કેરળમાં આવી. ભારતમાં, સામાન્ય રીતે ભાજપ એટલે કેન્દ્રીય જમણેરી (right of the centre) અને કોંગ્રેસ એટલે કેન્દ્રીય ડાબેરી (Left to the centre) રાજકીય પક્ષ એમ વિવરણ થતું રહ્યું છે. કોરોના મહામારીએ ભાજપ અને નરેન્દ્ર મોદી ઇચ્છે કે ના ઈચ્છે તો પણ ભારત સરકારને કંઈક અંશે વધુ સમાજવાદી બનવાની ફરજ પાડી છે અને કદાચ હજુ વધારે ફરજ પાડશે એમ લાગે છે.

મૂડીવાદ અને સમાજવાદ કઈ બલા છે એની સામાન્ય લોકોને કશી ખબર પણ પડતી નથી. પણ સીધીસાદી રીતે એ વાતને સમજીએ : (૧) ખાનગી સ્વનિર્ભર શાળા, કૉલેજ અને યુનિવર્સિટી એટલે મૂડીવાદ અને ઓછી ફીમાં કે મફતમાં ભણવા મળે તે સરકારી શાળા, કોલેજ અને યુનિવર્સિટી એટલે સમાજવાદ. (૨) સરકાર એસટી બસ, રેલવે વગેરે ચલાવે તે સમાજવાદ અને ખાનગી છકડા, જીપો, સાદી કે લક્ઝરી બસો ચાલે તે મૂડીવાદ. (૩) સરકાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુદાયિક આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલો ચલાવે તથા તેમના દ્વારા દર્દીઓને સસ્તા દરે કે મફતમાં કોરોના મહામારીની બીમારીમાં



સારવાર આપે તે સમાજવાદ અને ખાનગી હોસ્પિટલમાં લાખો રૂપિયાના ખર્ચે સારવાર મળે અને એટલી રકમ ન હોય તો યમરાજા પાસે જવાનો પરવાનો મળે તે મૂડીવાદ. (૪) ભારત સરકાર પોતાની ONGC, IOC, SAIL, GAIL, BSNL વગેરે જેવી ૨૫૦થી વધુ કંપનીઓ ચલાવે તેમ જ રાજ્ય સરકારો એવી બીજી ૧૨૦૦થી વધુ કંપનીઓ ચલાવે અને વસ્તુઓ કે સેવાઓ ઉત્પન્ન કરે અથવા તેમનું વિતરણ કરે તે સમાજવાદ અને ભારતમાં રિલાયન્સ, અદાણી, એરટેલ, વિપ્રો. તાતા સન્સ, ઈન્ફોસીસ કે ફિલપકાર્ટ, વોલમાર્ટ અને એમેઝોન જેવી નાનીમોટી ૧૭.૮૦ લાખ ખાનગી સ્વદેશી કે વિદેશી કંપનીઓ હોય તે મૂડીવાદ. (૫) કરિયાણાની કે કપડાંની ખાનગી દુકાન અથવા કંપનીઓના મોલ એટલે મૂડીવાદ અને સરકાર રેશનિંગની દુકાને ગરીબોને સસ્તું કે મફત અનાજ આપે તે સમાજવાદ.

આવા અનેક દાખલા આપી શકાય. હવે સવાલ એ છે કે કોરોના વાઈરસ ભારત સહિત દુનિયાના દેશોની સરકારોને વધુ સમાજવાદ તરફ લઈ જશે કે વધુ મૂડીવાદ તરફ? ૧૯૮૧માં રોનાલ્ડ રીગને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ તરીકે શપથ લેતી વખતે આપેલા ભાષણમાં એમ કહ્યું હતું કે, ''આજની કટોકટીમાં સરકાર એ આપણી સમસ્યાનો ઉપાય નથી, પણ સરકાર સમસ્યા છે.'' બ્રિટનમાં વડાપ્રધાન માર્ગરેટ થેચર સાથે દુનિયાભરમાં ખાનગીકરણ, ઉદારીકરણ અને વૈશ્વિકીકરણનું બૂંગિયું વગાડનારા રોનાલ્ડ રીગન જે મૂડીવાદી ગણાતી રિપબ્લિકન પાર્ટીના હતા, તે જ પક્ષ અત્યારે ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળ સમાજવાદી રીતરસમ અપનાવી રહ્યો છે. હવે એ જોવાનું રહે છે કે કોરોના મહામારીના માહોલમાં આરોગ્ય જાળવવાની અને યમરાજાના રથને રોકવાની જે તાકીદ ઊભી થઈ છે તે ખાનગી કંપનીઓ અને દવા, ડૉક્ટરો, વૅન્ટિલેટરો વગેરેનું બજાર દૂર કરે છે કે સરકારોની હૉસ્પિટલો અને તેના દ્વારા કરવામાં આવતી અન્ય સગવડો? શું સરકાર સમસ્યા છે કે પછી માત્ર સરકાર જ તારણહાર બને છે?

આમ જુઓ તો, ભારત કહેવાતા મૂડીવાદી દેશો કરતાં ઘણું વધારે મૂડીવાદી રહ્યું છે. પશ્ચિમ યુરોપ, અમેરિકા, કેનેડા, જાપાન, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોને મૂડીવાદી કહીને સમાજવાદીઓ અને સામ્યવાદીઓ હંમેશાં ગાળો

ભાંડતા હતા. સોવિયેત સંઘનું પતન ૧૯૯૧માં થયું તે પહેલાં તો કોઈને ગાળ દેવા માટે "એ મૂડીવાદી છે" એમ કહેવામાં આવતું હતું કે : જેમ આજે ભારતમાં પોતાના વિરોધીઓને ગાળો આપવા માટે 'સમાજવાદી', 'ડાબેરી', 'સામ્યવાદી', 'અર્બન નક્સલ', 'દેશદ્રોહી', 'પાકિસ્તાની' વગેરે શબ્દો વપરાય છે.

જરા જોઈએ તો ખરા કે હકીકતમાં કોણ કેટલું મૂડીવાદી છે. tradingeconomics.com અને IMF ના આંકડા એમ કહે છે કે ભારતમાં ૨૦૧૭માં દેશની કુલ આવક એટલે કે જીડીપીના માત્ર ૧૨.૭૪ ટકા જેટલું જ ખર્ચ સરકાર કરતી હતી, કે જ્યારે અમેરિકામાં તે પ્રમાણ ૩૭.૮૦ ટકા, યુરોપીય સંઘના દેશોમાં ૪૫.૮૦ ટકા, યુકેમાં ૪૧.૧૦ ટકા, જાપાનમાં ૩૯.૩૯ ટકા હતું. જો સરકાર જીડીપીના સંદર્ભમાં ઓછું ખર્ચ કરે તો એમ કહેવાય કે તે લોકો પાસેથી ઓછા વેરા અને દેવું ઉઘરાવે છે, લોકોની શિક્ષણ, આરોગ્ય, સલામતી વગેરેની બાબતમાં કાળજી ઓછી રાખે છે અને એટલા વધુ પ્રમાણમાં તે અર્થતંત્રને અને લોકોને બજારની માંગ અને પુરવઠાની આઝાદી પર છોડી દે છે. ૨૦૧૪માં નરેન્દ્ર મોદી સત્તા પર આવ્યા, ત્યારે આ ખર્ચ ૧૩.૩૭ ટકા હતું અને ૨૦૧૭માં ૧૨.૭૪ ટકા થયું. આ દેશનું અર્થતંત્ર મોદી સત્તા પર આવ્યા પછી વધુ મૂડીવાદી બન્યું એમ જ કહેવાય. ૨૦૧૮ના આંકડા અનુસાર દરરોજ લાંબા અંતરની ૧૨.૬૧૭ ઉતારુ ટ્રેન અને ૭.૪૨૧ માલગાડીઓ ચલાવતી ભારતીય રેલવે રોજના ૨.૩ કરોડ મુસાફરો અને ૩૦ લાખ ટન માલની હેરફેર કરે છે અને જેની ચોખ્ખી આવક જ આશરે રૂા.૬૦,૧૪૦ કરોડ છે, ત્યાં રૂા.૧.૧૦ લાખ કરોડના ખર્ચે ગણ્યાગાંઠ્યા ધનિકોની મઝા માટે બુલેટ ટ્રેન લાવવાનું કામ કરનારા નરેન્દ્ર મોદી અને તેમનો ભાજપ પક્ષ અને આખું એનડીએ મૂડીવાદી ના કહેવાય તો શું કહેવાય?

જો કે, નરસિંહરાવની કોંગ્રેસી સરકારમાં મનમોહનસિંહે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની નીતિઓ અપનાવીને કોંગ્રેસના જ નેહરુવાદી સમાજવાદના લગભગ અંતિમ સંસ્કાર કરેલા, ત્યારે સ્વદેશીનો ઝંડો લઈને ફરનારા ભાજપે સત્તા પર આવતાંની સાથે જ અટલ બિહારી બાજપેયીના નેતૃત્વ હેઠળ એ ઝંડાનો વીંટો વાળી દીધેલો અને તેને સાતમા આસમાને



માળિયે ચડાવી દીધેલો. વાજપેયીએ તા.૦૮-૦૪-૧૯૯૪ના રોજ દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં એમ કહેલું કે જો ભાજપ સત્તા પર આવશે તો ભારત મૂડીવાદી વ્યવસ્થાને વધુ બળવત્તર બનાવનાર WTO માંથી બહાર નીકળી જશે. તેઓ ૧૯૯૮માં સત્તા પર આવ્યા અને છ વર્ષ રહ્યા ત્યારે તેઓ એ સાવ જ ભૂલી ગયા ! કવિનું દિલ હતું ને એમનું, એટલે એ તો ભૂલી જાય !

આજે હવે કોરોના વાઈરસ દુનિયાભરમાં સરકારોને સમાજવાદી બનવાની ફરજ પાડી રહ્યો છે ત્યારે ભારતની મોદી સરકાર શું કરે છે તે જોવાનું રહે છે. કોરોના મહામારીમાં દુનિયાભરના દેશોની સરકારો લોકોને જ બજારને ભરોસે છોડી દેતી નથી અને મરવા દેતી નથી. બધી જ સરકારોએ જાતજાતનાં રાહત પેકેજ જાહેર કર્યાં છે અને લોકોના જીવનનિર્વાહને ઓછી વિપરીત અસર થાય તે માટે પગલાં ભર્યાં છે.

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ૨૪ એપ્રિલ સુધીમાં ચાર કોરોના રાહત પેકેજ જાહેર કરાયાં. અમેરિકન સરકારે ૨૦૦૮ની નાણાકીય કટોકટી કે મંદી વખતે જે રાહતો આપી હતી તે મોટે ભાગે મોટી કંપનીઓ અને બેંકોને આપી હતી. અત્યારે ત્યાં સરકાર સામાન્ય લોકોને રાહતો આપી રહી છે. માર્ચ મહિનામાં બે લાખ ડોલરનું અને ૨૪ એપ્રિલ ૪૮,૪૦૦ કરોડ ડોલરનું પેકેજ જાહેર કરવામાં આવ્યું. અમેરિકામાં પહેલું પેકેજ જ તેની જીડીપીના આશરે ૯ ટકા જેટલું હતું ! આ પેકેજોમાં નાના ધંધાવાળાઓને મદદ કરવા પર અને હૉસ્પિટલો તથા ટેસ્ટિંગ માટે ખર્ચ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. ઈન્ફોસિસના સહસ્થાપક નારાયણ મૂર્તિના જમાઈ અને બ્રિટનના નાણાં પ્રધાન ઋષિ સુનાકે લૉકડાઉનમાં ઘેર બેઠેલા અને બેકાર થયેલા દરેક કામદારને ૮૦ ટકા પગાર સરકાર આપશે એમ જાહેર કરી દીધું. ઋષિ સુનાક અને વડાપ્રધાન બોરિસ જ્હોન્સન મૂડીવાદી ગણાતા રૂઢિચુસ્ત પક્ષના નેતાઓ છે તે યાદ રાખવા જેવું છે. ભારતની જીડીપી ૨૦૨૦માં રૂા.૨૨૬ લાખ કરોડ થવાનો અંદાજ છે. ભારત સરકારે જે પેકેજ જાહેર કર્યાં છે તે દેશની જીડીપીના ત્રણ ટકા કરતાં પણ ઓછી રકમ છે !

અમેરિકામાં દર દસ લાખ વ્યક્તિઓએ ૧૭,૨૧૧નું, ઈટાલીમાં ૨૯,૬૦૦નું, સ્પેનમાં ૨૮,૭૭૯નું, ફ્રાન્સમાં ૭૧૦૩નું, જર્મનીમાં ૨૪,૭૩૮નું

અને યુકેમાં ૧૦,૬૦૫નું તા.૨૮-૦૪-૨૦૨૦ના રોજ સાંજના ૬.૦૦ સુધીમાં કોરોના ટેસ્ટિંગ થયું હતું. ભારતમાં આ સંખ્યા માત્ર ૫૧૯ છે, જ્યારે શ્રીલંકામાં ૮૨૭નું અને પાકિસ્તાનમાં ૭૧૨નું ટેસ્ટિંગ થયું. એનો અર્થ એ છે કે કોરોના ટેસ્ટિંગની બાબતમાં ભારત ઘણું વધારે પાછળ છે અને તેનું કારણ એ છે કે ભારતમાં આરોગ્યની સરકારી વ્યવસ્થાઓ એકદમ જ ડામાડોળ સ્થિતિમાં છે અને તે કોરોના મહામારીના સંજોગોમાં આગોતરી રીતે ફેબ્રુઆરી તથા માર્ચ મહિનામાં જેટલી સુસજ્જ થવી જોઈતી હતી તેટલી થઈ નથી. સરકારી આરોગ્ય કેન્દ્રો અને હૉસ્પિટલોમાં સેંકડો ડૉક્ટરો અને નર્સો ફિક્સ્ડ પગારે પાંચ વર્ષના કોન્ટ્રેક્ટમાં નોકરીની તદ્દન અસલામતી સાથે કામ કરે છે.

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં અત્યારે ગુજરાત સરકાર આગ લાગી છે ત્યારે કૂવો ખોદવા નીકળી છે. રાજ્ય સરકારે ખાનગી એજન્સી દ્વારા તેમાં આરોગ્ય કર્મીઓની ભરતી કરવા માટે જે જાહેરખબર આપી છે તેમાં જણાવાયું છે કે નર્સનો માસિક પગાર રૂા.૧૩,૦૦૦ રહેશે. એક કડિયાની રોજી આજે રૂા.૧૫૦૦ છે ત્યારે આ પગારમાં નર્સની ભરતી કરવા નીકળી છે વાયબ્રન્ટ ગુજરાતની સરકાર ! નર્સનો રોજનો સરેરાશ પગાર થયો રૂા.૪૩૩. જો કે, એ જ સરકાર જો કોરોના દર્દીની સારવાર કરતાં નર્સને કોરોના આભડે અને તે મરી જાય તો તેના પરિવારને રૂા.૨૫ લાખ આપશે ! કેન્દ્ર સરકાર રૂા.૫૦ લાખ આપશે ! જીવતા માણસનું મૂલ્ય નથી. મરેલાનું મૂલ્ય છે, માટે મરો ! જીવતો હાથી લાખનો અને મરે તો સવા લાખનો તે આનું નામ !

આ વિશ્વગુરુ થવા નીકળેલા મહાન ભારતવર્ષની મહાન હિંદુ સંસ્કૃતિ છે ! શું ચાણક્યે આવું કરવાનું કહ્યું છે? રામાયણના રામનું રાજ્ય શું આવું હતું? મહાભારતના શાંતિ પર્વમાં ભીષ્મે યુધિષ્ઠિરને રાજ્ય કેવી રીતે ચલાવવું તેને વિષે જે ઉપદેશ આપ્યો છે તેમાં રાજાને આવું વર્તન કરવાનું કહ્યું છે ખરું? ભારત આરોગ્યના ક્ષેત્રે કેટલું બધું મૂડીવાદી છે એ આનાથી એકદમ સ્પષ્ટ થાય છે. ભારતમાં સરકાર કોરોના મહામારીના કિસ્સામાં જે કંઈ લોક કલ્યાણ માટે કરી રહી છે તે દરિયામાં એક ટીપા જેવું લાગે છે. કોઈ પણ આપત્તિ સમયે કાયમ થાય છે તેમ સમાજના લોકોએ ગરીબોને જો રાહત આપવાનું કાર્ય ના કર્યું હોત તો શું થાત તેની કલ્પના કરવી અઘરી છે ! દાનનો મહિમા



ત્યાં જ ગવાય છે કે જ્યાં રાજ્ય એક સંસ્થા તરીકે મોટે ભાગે લોકોનું કલ્યાણ કરવામાં નિષ્ફળ જાય છે !

દુનિયાભરમાં સરકારો લોકોની જિંદગી બચાવવા, કોરોના સામે રક્ષણ આપતી રસી વિકસાવવા, લોકોને જીવન નિર્વાહનો ટેકો આપવા, આરોગ્યની સવલતો વધુ ઉપલબ્ધ કરાવવા અને નાના ઉદ્યોગ-ધંધાઓને ટકાવવા માટે અત્યારે પ્રયાસ કરી રહી છે. તે જ એમ બતાવે છે કે લોકોને અને તેમના આર્થિક સાહસોને બજારની દયા પર છોડી દેવામાં આવતા નથી. આમ જુઓ તો, મૂડીવાદ અર્થતંત્રમાં કોઈ પણ સરકારી ટેકાની તરફેણ કરતો નથી. બજારમાં જેને જે કરવું હોય તે કરે, કોરોના વાઈરસની બીમારીથી સારવાર બજારમાં હૉસ્પિટલોને જે ખર્ચે આપવી હોય તે આપે, દવા પેદા કરતી કંપનીને જે ભાવે દવા વેચવી હોય તે ભાવે વેચે અને દર્દીઓને એ ભાવે પોસાતી હોય તો લે, ના પોસાતી હોય તો ના લે અને મરે. જો મોંઘી સારવાર અને દવાઓ નહિ પોસાય તો દર્દીઓ તેમની માંગ નહિ કરે, માંગ ઓછી થશે અને પુરવઠો વધારે હશે તો ભાવ નીચા આવશે જ. આ મૂડીવાદનો તર્ક છે. પણ છેલ્લી ત્રણ સદીમાં જે રાજવ્યવસ્થા વિકસી છે તેમાં મોટે ભાગે આવું કશું થયું નથી.

રાજાઓ મહામારી ફેલાય ત્યારે કશું કરતા નહોતા અને લોકો ધાણી ફૂટે તેમ ટપોટપ મરતા હતા એમ ઇતિહાસ કહે છે. વિજ્ઞાન અને ટૅકનૉલૉજીનો આજ જેટલો વિકાસ પણ નહોતો થયો તે પણ ખરું. આજે એવું નથી કારણ કે બજારમાં જેનું કલ્યાણ ના થઈ શકે તેમ હોય તેનું કલ્યાણ સરકાર કરે એ સ્વીકારવામાં આવેલો સિદ્ધાંત છે. ભારતના બંધારણનું આમુખ ‘‘અમે ભારતના લોકો’’થી શરૂ થાય છે પણ આ ‘‘અમે ભારતના લોકો’’માં દેશના ૮૦ કરોડ ગરીબો છે તે ઘણી વાર સરકાર ભૂલી જાય છે. જો એમ ના હોત તો જિંદગીમાં પહેલી વાર ‘લૉકડાઉન’ શબ્દ સાંભળનારા લાખો સ્થળાંતરિત મજૂરોની જે બદતર હાલત વિકાસના ટાપુઓ સમાન મહાનગરોમાં ચાર કલાકની જ મહેતલ આપીને જે લૉકડાઉન જાહેર કરાયું તેમાં ના થઈ હોત. પંડિત દીનદયાળ ઉપાધ્યાયના ‘એકાત્મ માનવવાદ’(Integral Humanism)નું ઢોલ પીટનારાને બીજી વખત લૉકડાઉન લંબાવવામાં આવ્યું ત્યારે શું ખબર જ નહોતી કે દેશમાં આશરે ૪.૫ કરોડ મજૂરો સ્થળાંતરિત છે અને તેઓ મોટે ભાગે રોજેરોજ કમાઈને ખાય છે ? તેમનું આધાર કાર્ડ આધાર ના બન્યું !

આધુનિક અર્થશાસ્ત્રના પિતા ગણાતા એડમ સ્મિથ (૧૭૨૩-૧૭૯૦) કહે છે તેમ મૂડીવાદી અર્થતંત્રમાં સરકારની કામગીરી "કાયદો અને વ્યવસ્થાની જાળવણી, નાગરિકોનું રક્ષણ, કરારોનું પાલન, મોટાં જાહેર કામો અને સ્પર્ધાની સ્થિતિની જાળવણી" પૂરતી મર્યાદિત હોય છે. પણ આ વાત આજે કોઈ સ્વીકારતું જ નથી. કોરોના મહામારી બાદ દુનિયાની સરકારો વધુ ને વધુ સમાજવાદી બનશે એ નક્કી છે. કારણ કે સરકારો ગરીબો માટે ખર્ચ કરશે તો જ તેઓ જીવતા રહેશે. પણ આ સરકારો બેફામ રાજકીય સત્તાઓ હાંસલ ના કરે અને નાગરિકોની મૂળભૂત સ્વતંત્રતાઓ સલામતીને નામે છીનવી ના લે તે જોવાની નાગરિકોની ફરજ બની જશે. સમાનતા સ્વતંત્રતાને ભોગે નથી જોઈતી, શક્ય તેટલી સમાનતા રાજકીય, આર્થિક અને સામાજિક સ્વતંત્રતાની સાથે જ જોઈએ છે.

ઈટાલીના દાર્શનિક એન્ટોનિયો ગ્રામ્સી (૧૮૯૧-૧૯૩૭)એ કહેલું આ કથન અત્યારે સાચું પડી રહ્યું લાગે છે કે, "જૂનું જગત મરી રહ્યું છે અને નવું જગત જન્મ લેવાની મથામણમાં છે, આ રાક્ષસોનો જમાનો છે." આ રાક્ષસો એટલે દુનિયાની મહાકાય કંપનીઓ કે જેમની સંખ્યા UNCTAD દ્વારા ૨૦૦૬માં ૮૦,૦૦૦ અંદાજવામાં આવી હતી. આ કંપનીઓ અનેક વસ્તુઓ અને સેવાઓ ઉત્પન્ન કરે છે અને તેથી લોકોના જીવનધોરણમાં સુધારો થયો છે એમાં ના નથી, પણ તેઓ કહેવાતા મુક્ત બજારમાં ગ્રાહકો અને પર્યાવરણનું અમાપ શોષણ કરે છે. કોરોના મહામારી પછીના જમાનામાં આ કંપનીઓની નિર્દયતા અને તેમના માલિકોની 'કર લો દુનિયા મુઠ્ઠીમેં' વૃત્તિને સરકારો દ્વારા કેટલા અંકુશમાં રાખવામાં આવે છે તેના પર ઘણો બધો આધાર રહેશે. યાદ રહે કે, ઈશ્વર, અલ્લાહ કે ગોડ આમાં કશું નહિ કરે અને એમના એજન્ટો એવા કહેવાતા સંતો, પૂજારીઓ, મૌલવીઓ કે પાદરીઓ કશું થવા પણ નહિ દે, કારણ એ છે કે તેઓ બધા જ આ શોષણખોર મૂડીવાદી અર્થવ્યવસ્થાના લાભાર્થીઓ છે.

મહાત્મા ગાંધીનું કથન આ સંદર્ભમાં મહત્ત્વનું છે : "દરેક મનુષ્યને જીવવાનો હક છે અને તેથી પોતાનું પોષણ કરવાનાં સાધનો અને જરૂર હોય ત્યાં પોતાને માટે વસ્ત્ર અને ઘર મેળવવાનો હક છે. પરંતુ આ અતિ સહેલા



કાર્ય માટે આપણને અર્થશાસ્ત્રીઓની અથવા તેમના સિદ્ધાંતોની સહાયતાની જરૂર નથી." ગરીબોને સહાય કરવા માટે ગાંધી કહે છે તેમ માત્ર અર્થશાસ્ત્ર અને અર્થશાસ્ત્રીઓની જ જરૂર નથી એમ નહિ, મૂડીવાદ કે સમાજવાદ નામની કોઈ વિચારધારાની પણ જરૂર નથી. ગાંધીવાદની તો નહિ જ, કારણ કે ગાંધીએ પોતે જ 'ગાંધીવાદ' જેવું કશું હોવાનો ઇનકાર કરેલો. ફક્ત માનવતા દાખવતી અને સૌના માનવ અધિકારોને સ્વીકારતી આર્થિક, સામાજિક અને રાજકીય વ્યવસ્થા ઊભી કરવાની આવશ્યકતા છે.

•

**હિંસાના ખરા જનક કોણ ?**

મારું કહેવું એ છે કે, કહેવાતા નક્સલવાદીઓ આ હિંસાના જનક નથી, પણ જેમણે આટઆટલા વરસોથી આ કાયદાઓનું સળંગ ઉલ્લંઘન કરીને તેમને નિષ્પ્રાણ કર્યા છે, તે લોકો આ હિંસાના ખરા જન્મદાતા છે - પછી ભલે તે રાજકારણીઓ હોય, અમલદારો હોય, જમીનદારો હોય કે પછી શાહુકારો હોય.

આજે હિંસા વિશે દેશમાં ચિંતા ફેલાઈ છે. એ હિંસા અમુક અંશે તો એક રાજકીય ફિલસૂફીના અનુસરણમાં કૃત્રિમ રીતે સર્જાઈ છે. પરંતુ જો તેને માટે આવી હઠીલી ગરીબી, બેકારી અને હજાર બીજાં સામાજિક-આર્થિક દૂષણોએ ભોંય તૈયાર કરી ન હોત, તો એ હિંસાખોરી જડ નાંખી શકત નહિ. વળી, આજના કાયદાઓનો અમલ થયો નહિ, તેથી પણ આજે ગ્રામ વિસ્તારોમાં હિંસા ફૂલી ફાલી છે. પહેલા કાયદાની ધૂળ નાખવી અને પછી લાઠી ને પોલીસના જોરે રક્ષા કરવી, એ બધું ક્યાં સુધી ચાલે ?

**- લોકનાયક જયપ્રકાશ નારાયણ**

•

ज्ञान और विद्या दोनों मुक्तिकी उपासनाके साधन है । मुक्ति यानि मोक्ष मनुष्यका मुख्य कर्तव्य है । मोक्षके मानी दुनियाको छोडकर चले जाना नही है । लेकिन मोक्षका मानी है रागद्वेष से मुक्त होकर विश्वमय बन जाना । सबकी सेवा करके सबके आत्मीय बन जाना है ।

**- श्री मोरारजी देसाई**

## ૪. પ્રવૃત્તિ સરિતા

### ૪.૧ ધ્વજવંદન

સંસ્થાએ દર વર્ષની જેમ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ, સંસ્થાના કાર્યકરો અને એક્સ્પરિમેન્ટ ઈન ઈન્ટરનેશનલ લિવિંગના અમદાવાદ શાખાના હોદ્દેદારો સાથે, સવારે ૮-૪૫ વાગ્યે ધ્વજવંદન કર્યું. ધ્વજવંદન દરમ્યાન કોરોના સંબંધિત નક્કી થયેલ તમામ પ્રોટોકોલ પાળવામાં આવ્યા હતાં.

### ૪.૨ માતૃભાષા દિનની ઉજવણી

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ અને માતૃભાષા અભિયાનના સંયુક્ત ઉપક્રમે તા.૧૦ માર્ચ, ૨૦૨૧ના રોજ ઑનલાઈન માતૃભાષા દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૨૧મી ફેબ્રુઆરી માતૃભાષા દિન તરીકે આખા વિશ્વમાં ઊજવવામાં આવે છે તે નિમિત્તે પ્રાથમિક સ્તરે ભાષાશિક્ષણમાં થયેલાં કેટલાક નવતર પ્રયોગો જે તે શિક્ષકો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતાં. આ સંદર્ભે માતૃભાષા અભિયાન સાથે સંકળાયેલ જુદી જુદી ૩૦ જેટલી પ્રાથમિક શાળાના શિક્ષકોએ કરેલા ભાષાના નવતર પ્રયોગો મંગાવ્યા, જેમાંથી ૧૧ શિક્ષકોના નવતર પ્રયોગોને રજૂઆત માટે પસંદ કરવામાં આવ્યા. આ બંને સંસ્થાઓ માટે અને શિક્ષકોને માટે ઑનલાઈન તેમની કામગીરીને રજૂ કરવાનો પ્રથમ અનુભવ હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ભારતીય સમુદાય શિક્ષણ સંઘના ટ્રસ્ટી ડૉ.મંદાબહેન પરીખે કાર્યક્રમની ભૂમિકા વિશે વાત કરી. જેમાં તેમણે જણાવ્યું કે આઝાદી પછી શિક્ષણ માટે અનેક મથામણો કરી છે. પણ શિક્ષણનો મૂળભૂત હેતુ હજુ સુધી સિદ્ધ કરી શક્યા નથી. માતૃભાષાને મજબૂત કરવામાં શિક્ષણનો ફાળો મહત્ત્વનો છે હાલ કોરોના મહામારી, પ્રદૂષણ, ગરીબી, હિંસા, વસતિ વધારો, અસમાનતા અને દેશ વિદેશના સંઘર્ષોને લીધે સમાજ જ્યારે વિખરાઈ રહ્યો છે, ત્યારે શિક્ષકોની જવાબદારી વધે છે. આપ સૌ આ દેશના જવાબદાર શિક્ષકો છો.

ત્યારબાદ માતૃભાષા અભિયાનના ટ્રસ્ટી શ્રી રાજેન્દ્રભાઈ પટેલે માતૃભાષાનું મહત્ત્વ સમજાવતાં કહ્યું કે માતૃભાષાને વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ મહત્ત્વ આપવું જોઈએ. બાળક જન્મે તે પહેલા ભાષા વ્યાપકતા ચેતાતંત્રમાં વણાઈ જાય છે અને ત્યારથી જ તેને માતૃભાષાનો પરિચય થાય છે. માટે તેને જન્મભાષા પણ માનવી જોઈએ. ત્યારબાદ બાળક આસપાસના વાતાવરણથી પણ શીખે છે. માતૃભાષામાં શિક્ષણથી અભિવ્યક્તિ સુધરે છે. આત્મવિશ્વાસ વધે છે અને તેથી જ બાળક



સર્જનાત્મક બને છે. આપણે આપણો વારસો અને આપણી સંસ્કૃતિ સાચવી રાખવા માટે પણ માતૃભાષામાં શિક્ષણ આપવું જરૂરી છે.

કુલ ૧૧ શિક્ષકોએ તેમના માતૃભાષામાં કરેલા નવતર પ્રયોગોની રજૂઆત કરી. દરેક શિક્ષકને ૮ થી ૧૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. ભાગ લેનાર તમામ શિક્ષકો ગામડાનાં છે અને પ્રાથમિક શિક્ષણમાં સક્રિય છે. તમામ રજૂઆતો ખૂબ સુંદર રહી. સૌ શિક્ષકોને અભિનંદન અને શુભેચ્છાઓ સાથે આ તમામ પ્રયોગો સંસ્થાના ફેસબુક પર પ્રાપ્ય છે.

### ૪.૩ આદિવાસી વિસ્તારનાં પ્રવાસન સ્થળો અને સંસ્કૃતિ

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ અમદાવાદ દ્વારા દક્ષિણ ગુજરાતના આદિવાસી વિદ્યાર્થીઓ સાથે આદિવાસી વિસ્તારમાં આવેલા પ્રાચીન મંદિરો, સ્થળો, નદીઓ અને લોકમેળાઓ જે આદિવાસી સંસ્કૃતિના દ્યોતક છે તેવાં સ્થળો અને બનાવોનો પરિચય કરાવતું લખાણ અને ફોટો મોકલવા માટે આદિવાસી યુવક/યુવતીઓને આમંત્રણ અપાયું હતું અને ઉત્તમ રજૂઆતને ઈનામ આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.

આ સ્પર્ધામાં નર્મદા, સુરત, તાપી, ડાંગ અને વલસાડ જિલ્લાના મળીને કુલ ૨૪ આદિવાસી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી ૧૪ લેખ સ્વીકૃત બન્યા અને નીચેના સ્થળની મુલાકાત લઈ લખાણ અને ફોટા મોકલ્યા હતા. સ્પર્ધકોએ આદિવાસી વિસ્તારની નદીઓ, કુળદેવી, તહેવારો, પર્યટક સ્થળો અને જંગલમાં આવેલા ઘાટો વિશે રજૂઆત કરી છે. ખાસ કરીને આદિવાસી લોકોની કુળદેવી "દેવમોગરા માતા" જેનું પ્રભુત્વ આખા આદિવાસી વિસ્તારમાં જોવા મળે છે, તેના પર સ્પર્ધકોએ લખાણ મોકલ્યું છે. કોઈ પણ તહેવાર હોય કે પ્રસંગ હોય તો સૌપ્રથમ દેવીની પૂજા આરાધના કરવામાં આવે છે. આ સ્પર્ધામાં ગોવાલ દેવ, દેવમોગરા મંદિર, દેવધાર, ચુલીયા, હનુમાનજી મંદિર, કોકમ, રામેશ્વર મંદિર-તાપી, માયાદેવી પ્રાકૃતિક સ્થળ, કેવડી ડેમ, જાનકી વન, આમલી ડેમ, નિનાઈ દોધ, ધારેશ્વર મહાદેવ મંદિર વગેરેની મુલાકાત લઈ આદિવાસી મિત્રોએ ખૂબ સરસ નોંધ મોકલી છે. આમાંથી બે નોંધ ઈનામને પાત્ર ઠરી છે. તમામ આદિવાસી મિત્રોને ખૂબ અભિનંદન. જો વાચકોમાંથી કોઈને આ સ્થળોમાં રસ હોય તો સંસ્થાનો સંપર્ક કરે અથવા અમારા ફેસબુકની મુલાકાત લે.

## ૪.૪ નવા કૃષિ કાયદા અને આદિવાસી ખેડૂતો

આદિવાસી ખેડૂતો ડાંગ જિલ્લાના અંતરિયાળ ગામોમાં છે. એ રીતે નર્મદા અને તાપી જિલ્લાના આદિવાસીઓ પણ અંતરિયાળ જિલ્લામાં જ ખેતી કરતા હોય છે. આ ખેડૂતોમાંથી માત્ર ૨૦% ખેડૂતો પ્રાથમિક શિક્ષણ મેળવી શક્યા છે. મોટા ભાગના આ ખેડૂતોને કાયદાઓ અંગે ખાસ ખબર હોતી નથી. આવી ઉપરછલ્લી વાતોથી તેઓ ખાસ તેમનો અભિપ્રાય સ્વાભાવિક રીતે આપી શકે નહિ. તેમ છતાં તેમને પૂછતાં સામાન્ય રીતે એવા જવાબો મળ્યા કે આ કાયદાઓથી એમને નુકસાન થશે એવું લાગે છે.

ભારત સરકાર દ્વારા ખેડૂતો માટે જે નવા ત્રણ કૃષિ કાયદા ઘડવામાં આવ્યા છે તેના સંદર્ભમાં દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારનો સર્વે કરવામાં આવ્યો છે જેમાં કુલ ૩૮ ખેડૂતોએ ભાગ લીધો, જેમાં નર્મદા જિલ્લાના ભોરઆમલી, મોટી દેવરુપણ અને નાની દેવરુપણ ત્રણ ગામોના ૧૦ ખેડૂતો, સોનગઢ (તાપી) તાલુકાના ઉખલદા ગામના ૧૫ ખેડૂતો અને ડાંગ જિલ્લાના શુબીર, વઘઈ તાલુકાના કંડા, બારખાદખ, સાવરદા, કાલિબેલ, જામન્યામળ, જામનપાડાના ૧૩ ખેડૂતોએ ભાગ લીધો હતો.

નર્મદા જિલ્લાના ખેડૂતો કપાસ, બાજરી, મગફળી જેવા પાકોનું વાવેતર કરે છે. ડાંગ જિલ્લાના ખેડૂતો ડાંગર, નાગલી, તુવેર, અડદ પાકનું ઉત્પાદન કરે છે, જ્યારે સોનગઢ (તાપી)ના ખેડૂતો શેરડી, મગફળી, ડાંગર, કપાસ જેવા પાકોનું ઉત્પાદન કરે છે. ખેતી કરવા તમામ ખેડૂતો પાસે જમીનના દસ્તાવેજ છે, સિવાય કે ડાંગ જિલ્લાના ૨ ખેડૂતો જેમની પાસે જમીનના દસ્તાવેજ નથી. આ ખેડૂતો જંગલની જમીનમાં ખેતી કરે છે.

નર્મદા જિલ્લાના નાના ખેડૂતો ૧૦ થી ૧૫ વીઘા જમીન ધરાવે છે. તેઓની વાર્ષિક આવક રૂા.૩૦,૦૦૦ છે. ડાંગ જિલ્લાના ૨ થી ૫ એકર જમીન ધરાવતા નાના ખેડૂતોની વાર્ષિક આવક રૂા.૧૦,૦૦૦ થી ૩૦,૦૦૦ જેટલી છે. જ્યારે સોનગઢ તાલુકાના ઉખલદા ગામના નાના ખેડૂતોની આવક રૂા.૩૦,૦૦૦ થી રૂા.૫૦,૦૦૦ જેટલી છે. સોનગઢ તાલુકામાં શેરડી અને કપાસની ખેતી કરવામાં આવે છે. નર્મદા જિલ્લાના સીમાંત ખેડૂતો પાસે ૩૫ થી ૫૫ વીઘા જમીન છે અને તેમની વાર્ષિક આવક રૂા.૭૦,૦૦૦ થી ૮૦,૦૦૦ જેટલી છે. સોનગઢ જિલ્લાના ૧૦ થી ૧૭ વીઘા જમીન ધરાવતા ખેડૂતોની વાર્ષિક આવક રૂા.૧,૫૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦ હેય



વેચાણ સંબંધી વ્યવસ્થાઓ અંગે પૂછતા જાણવા મળ્યું કે નર્મદા જિલ્લાના અને ડાંગ જિલ્લાના ખેડૂતો પોતાના પાકનું વેચાણ કરવા માટે સાગબારા તાલુકામાં આવેલ સેલંબા અને ડાંગ જિલ્લામાં આવેલ પીપલદહાડ જથ્થાબંધ બજારમાં જાય છે. આ બંને બજાર કોણ ચલાવે છે તે ખેડૂતોને ખબર નથી. APMC વિશે પણ તેઓ જાણતા નથી. આ ત્રણે જિલ્લાના ખેડૂતો પૈકી બે જ ખેડૂતો નવા બનેલા કાયદા વિશે જાણે છે. મોટાભાગના ખેડૂતોને કાયદા વિશે કંઈ પણ ખબર નથી અને સમજ પણ નથી. સરકાર ખેડૂતોને માટે જે ટેકાના ભાવો નક્કી કરે છે તે વિશે પણ બહુ ઓછા લોકો જાણે છે. ડાંગ અને નર્મદા જિલ્લાના ખેડૂતો સ્થાનિક બજારમાં પોતાના પાકોનું વેચાણ કરતા હોવાથી ટેકાના ભાવોનો લાભ એમને મળતો નથી. તેમજ આ ખેડૂતોને કરાર ખેતી વિશે કોઈ ખબર નથી, જ્યારે સોનગઢના ઉખલદા ગામના લોકો શેરડી, કપાસ અને મગફળી જેવા પાકોનું વધુ ઉત્પાદન કરતા હોવાથી આ ખેડૂતોએ ટેકાના ભાવોનો લાભ લીધો છે. પણ આ ભાવ ઘણીવાર ખેડૂતોની અપેક્ષા કરતાં ઓછા હોય. આ ખેડૂતો કરાર ખેતી વિશે જાણે છે અને એવું માને છે કે કરાર ખેતીથી એમનું શોષણ થશે. ખાનગી કંપનીઓ ખેડૂતોને તેમના માગ્યા મુજબ ભાવો આપશે નહિ અને સરવાળે ખેડૂતને નુકસાન થશે.

## ૪.૫ ભારતીય સમુદાય શિક્ષણ સંઘ, અમદાવાદ દ્વારા આયોજિત ઑનલાઈન કવિ સંમેલન-૨૦૨૧

ગત ફેબ્રુઆરી-૨૧માં "ગાંધીજી અને ગાંધી વિચારને લગતાં કાવ્યો"ને લઈને એક ઑનલાઈન "કવિ સંમેલન-૨૦૨૧" યોજાઈ ગયું. ગુજરાતનાં વિવિધ સ્થળેથી ૨૦ નવોદિત કવિ-કવયિત્રીઓએ આ સંમેલનમાં ભાગ લઈ પોતાની સ્વરચિત કવિતાઓ રજૂ કરી. આ કવિ સંમેલનમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી, પ્રાથમિક શાળાના શિક્ષકશ્રીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તેમજ વ્યાવસાયિક રીતે આરોગ્યલક્ષી સેવાઓ આપતા ડૉક્ટરોએ પણ ભાગ લીધો. આ કવિ સંમેલનમાં જાણીતા કવિશ્રી રાજેશ વ્યાસ "મિસ્કીન" અને કવિશ્રી દલપતભાઈ પઢિયાર ખાસ હાજર રહ્યાં હતાં. નવોદિત કવિઓની રચના સાંભળી, કવિશ્રી દલપતભાઈએ કહ્યું, આટલા બધા નવોદિત કવિ-કવયિત્રીઓએ આમાં ભાગ લીધો તે ખૂબ આનંદની વાત છે અને તે પણ ગાંધીજી ઉપર. સૌ કવિ મિત્રોએ પોતાના હૃદયમાં રહેલી ગાંધીજીની છબીને શબ્દો રૂપે અહીં રજૂ કરી તે

આનંદનો વિષય છે. કવિતા એ એક સર્જનની ઘટના છે. ભાષા સાથે આપણે જોડાઈએ છીએ, જેનાથી આપણો અનુભવ એમાં આવે તે જરૂરી બને છે. તેઓએ વધુમાં કહ્યું કે કાવ્ય પઠન કરતી વખતે શુદ્ધ ઉચ્ચારણ ખૂબ જ મહત્ત્વની બાબત છે જે ધ્યાનમાં રાખવી જરૂરી છે. ત્યારબાદ કવિશ્રી રાજેશ વ્યાસે કહ્યું કે ખૂબ લખો, પણ ખૂબ વાંચો પણ ખરા. જેટલું વધુ વાચન તેટલું જ સારું તમે લખી શકશો. આપણામાં રહેલા લયને ભારતીય સમુદાય શિક્ષણ સંઘ સંસ્થાએ બહાર લાવવાનું કાર્ય કર્યું છે. જેમ-જેમ આપણે ગાંધીજીના વિચારોની નજીક જતાં જઈશું તેમ-તેમ આપણા વિચારો અને આપણું જીવન બદલાશે. એમણે હસમુખ પાઠક દ્વારા રાજઘાટને જોઈને રચેલું ગુજરાતી સાહિત્યનું એક અમર મુક્તક કે જેની માત્ર ત્રણ પંક્તિ છે : ''આટલો લાંબો સમય અને આટલાં ફૂલો નીચે, ગાંધી કદી સૂતા નથી''. એમણે ઈચ્છા વ્યક્ત કરી કે આમાં ભાગ લેનારા સહુની પંક્તિઓ પણ આ સ્તરે પહોંચે. તેઓએ તમામને અભિનંદન પાઠવ્યા હતા.

## આ સંમેલનમાં રજૂ થયેલી કેટલીક કવિતાઓ

### ગાંધી સત્ય તણો અવતાર

જન્મ્યો પોરબંદર કેરા ધામ,
ગાંધી સત્ય તણો અવતાર.
એને કર્યો તો દેશ આઝાદ,
ગાંધી સત્ય તણો અવતાર.

હાથમાં લીધું અહિંસાનું હથિયાર,
ડોલી ઊઠી ગોરાની સરકાર,
અન્યાય સામે એ લડનાર,
ગાંધી સત્ય તણો અવતાર.
આઝાદી માટે ખૂબ લડ્યો,
લઈને સ્વરાજ પાછો ફર્યો,
કર્યો ભારતનો જયજયકાર,
ગાંધી સત્ય તણો અવતાર.
રાષ્ટ્રના પિતા થઈ પૂજાણો,
બાપુ નામે એ ઓળખાણો,



સત્યને ઈશ્વર એ કહેનાર,
ગાંધી સત્ય તણો અવતાર.

**મેહુલ ત્રિવેદી (ઘાયલ મેઘ) ખેરાળી**

### गांधी तेरी सोच...।।

गांधी तेरी सोच न दिल में बसा पाएँ,
बस तुम्हारी छबी इन आंखो में समा लाए, (२)

हुआ देश आजाद कई साल हुए,
अपने ही देश में आप महेमां हुए,
एक कतरा कर्ज तुम्हारा नहीं चुका पाएं,
बस तुम्हारी छबी इन दिल में समा लाए...
गांधी तेरी सोच... (२)

दिया चरखा हमें खड़े होने के लिए,
बुना सूत तुने अपनों को ढूंढने के लिए,
एक चरखा इंसानियत का न चला पाएं,
बस तुम्हारी छबी इन आंखों में समा लाए,
गांधी तेरी सोच... (२)

दिया मंत्र तूने सत्य का जहाँ को,
जूठ की नीव गिरे सदैव यहां को,
जीने की सच्ची पीढ़ी हम भूल ही आएं,
एक सच्चाई की इमारत नहीं बना पाए...
गांधी तेरी सोच हम दिल में बसा आएं,
बस तुम्हारी छबी इन आंखों में समा लाएं ! (२)
गांधी तेरी सोच...

**- वनिता मनुंद्रा (वाणी)**

### શોધે છે ભારત... આજે ક્યાં છે બાપુ ?

બાપુ યાદ તારી આવે, નૈનોમાં નીર વહાવે, બાપુ યાદ તારી આવે,
મન કહે બાપુ ક્યાં છે? કહી રડાવે રે...
આજે ક્યાં છે બાપુ?

શોધે ભારત, શોધે દુનિયા, એ અહિંસાના પૂજારીને,
સત્ય બોલે, એ પર જ ચાલે, સત્ય જ એનું જીવન રે..
જતાં જતાં આ દુનિયામાંથી (૨) ''મારું જીવન મારો સંદેશ''
કહી દીધું તે, અહિંસાની ધૂણી ધખાવી તું ચાલ્યો ગયો રે...
આજે ક્યાં છે બાપુ?

દુનિયા ડૂબી છે હિંસામાં, ભારત શોધે અહિંસાના પૂજારીને રે...
યુદ્ધ - આતંકવાદ એક ખેલ બન્યો છે, ભારત થરથર કાંપે રે...
ફરી આવી ફેરવ ડંડો (૨) અહિંસાનો, ઓ મારા બાપુ રે...
હિંસામાં બળતી આ દુનિયામાં, ભારતને બચાવી જા રે...
આજે ક્યાં છે બાપુ?

અરે ઓ મહા માનવ, તને ભારત જ નહીં, વિશ્વ શોધે રે...
તારી વાતો તારા વિચારો, સત્ય અને અહિંસાને રે...
જૂઠને જ સત્ય કહેનારાઓને (૨) સત્ય સમજાવી જા રે...
તારા સત્ય અહિંસાના, મંત્રને ફરી જગાવી જા રે...
આજે ક્યાં છે બાપુ?

ક્યાં શોધું હું તને બાપુ, તું તો ભારતના કણકણમાં રે...
જ્યાં જુઓ ત્યાં બાપુ તું જ દેખાય, વિચારોને વાણીમાં રે...
પણ હાલ ભારત નાજુક છે (૨) જૂઠ જ સર્વે સર્વા રે...
તારો એ સત્યનો રાહ બતાવી, અહિંસા ને ફરી સમજાવી જા રે...
તેં, કલ્પેલ ભારતને બનાવી જા, ફરી આવી જા બાપુ !
તું આજ ક્યાં છે બાપુ?
તું આજ ક્યાં છે બાપુ?
તું આજ ક્યાં છે બાપુ?
શોધે છે ભારત... આજે ક્યાં છે બાપુ?

**શ્રી વિક્રમસિંહ ચૌહાણ ''સ્નેહ''**

## ગાંધી નિર્વાણ દિને !

ગાંધી !

નથી કેવળ કથા

કે... નથી જૂની પ્રથા



એ - તો -

સમયના રથ મહીં આસન ધરી

વહેતો વિચાર છે

સત્ય / અહિંસા / મૌન / પ્રાર્થના

જીવન સંગે રક્તસમાણા

અમલવારી શા પરિપત્રમાં

બાપુ તણા હસ્તાક્ષરો !

ઉપવાસ અને સત્યાગ્રહ

નથી જ નથી હઠાગ્રહ

છે આત્મશુદ્ધિનો આગ્રહ

સાધન માત્ર ના ગાંધીગીરીનાં

અટલ - અનવરુદ્ધ સાધના

તો - બાળકો !

ગાંધી એક વિચાર છે - વ્યવહાર છે

પણ આપણે ત્યાં ગાંધી

માત્ર - રાષ્ટ્રીય તહેવાર છે

તો હવે મળીશું - બીજી ઑક્ટોબરે

ત્યાં સુધી હે રામ !

**– સાલસ**

## બાપુ તને

એ રીતે સ્મરણાંજલિ હું આપું, બાપુ તને;
અંતરમાં લોકોના હું સ્થાપું, બાપુ તને.
શી રીતે સમજાશે તુજ કાર્યો, બાપુ મને;
સ્વાર્થી મુજ ગજથી જો હું આપું, બાપુ તને;

એ ભ્રમમાં ના રે'તો, આદર હું આપું તને;
રૂપિયા પર અમસ્તો બસ હું છાપું, બાપુ તને.

તુજ મૂલ્યો સાથે ના કો' નિસ્બત બાપુ મને;
અમથો અમથો હું માનું બાપુ બાપુ તને.

સાગરમાં ડૂબેલાં વ્રતો, હું આપું તને;
'હોંશ' કહે, બીજું શું હું આપું, બાપુ તને ?

**હોંશ (ડૉ.વિનીત પરીખ)**

### ૪.૬ પ્રૌઢશિક્ષણ માટેની આંતરરાષ્ટ્રીય પરિષદ
### Confintea-VII

તા. ૨૩ માર્ચ ૨૦૨૧ના રોજ આસ્પબે (Asia and South Pacific Association for Basic & Adult Education)ના દક્ષિણ એશિયાના સભ્યોની એક મિટિંગ ઝૂમ પર મળી, જેમા ૬ દેશોના સભ્યો હાજર હતા :

| | |
|---|---|
| ૧. ભારત | ૪. અફઘાનિસ્તાન |
| ૨. શ્રીલંકા | ૫. પાકિસ્તાન |
| ૩. નેપાળ | ૬. બાંગ્લાદેશ |

ભારતમાંથી ISCE તરફથી ડૉ. મંદાબહેન પરીખ અને શ્રી મયંક ઉપાધ્યાય આ મિટિંગમાં હાજર રહ્યા હતા. પ્રૌઢશિક્ષણના અને જીવનપર્યંત શિક્ષણ સંદર્ભે અત્યારે તૃણમૂલ કક્ષાએ કામ કરતી સસ્થાઓ કયા પ્રશ્નો અને કયા પડકારો અનુભવે છે ? એ પ્રશ્નોને ઉકેલવા શું કરવું જોઈએ ? આ વિષયોને લઈને જુદાં જુદાં જૂથોમાં ચર્ચા થઈ. આ હેવાલ પરથી આ તૈયાર કરેલ હેવાલની રજૂઆત યુનેસ્કો દ્વારા ૨૦૨૨માં બોલાવનારી Confintea-VII માં થશે. અને આવનાર વર્ષો માટેના પ્રૌઢશિક્ષણના લક્ષ્યાંકો પણ નક્કી થશે. ભારતીય સમુદાય શિક્ષણ સંઘે પ્રૌઢશિક્ષણને વધારે વ્યાપક અર્થમાં લેવાની આવશ્યકતા પર ભાર મૂક્યો અને એના વિષયવસ્તુ અને પદ્ધતિઓ પર ઊંડો વિચાર કરવાની જરૂર પણ સમજાવી. વળી આ કામ કરવા માટે તાલીમી માનવ સંસાધનો ઉપલબ્ધ થાય તે માટે નવા અભ્યાસક્રમ ઘડવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. ●

It would spell the ruin of both the Hindu religion and the majority community, in the intoxication of power entertains the belief that it can crush the minority community and establish a purely Hindu Rashtra.



## ૫. સમુદાય શિક્ષણમાં અવનવું

### ૫.૧ આંતરકોલેજ વક્તૃત્વ સ્પર્ધા

૩૦મી જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિન નિમિત્તે છેલ્લાં છ વર્ષથી યુવક વિકાસ ટ્રસ્ટ, મહાદેવભાઈ દેસાઈ સમાજ સેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે એક સ્પર્ધા યોજવામાં આવે છે, જેનો ઉદ્દેશ્ય યુવાનોમાં ગાંધી વિચારની સમજ અને પ્રસાર વધે તે છે ચાલુ વર્ષની સ્પર્ધાનો વિષય હતો "ગ્રામ સ્વરાજ એ જ સાચું સ્વરાજ". કોરોના મહામારીના કારણે આ વર્ષે પ્રથમવાર આ સ્પર્ધા ઑનલાઈન કરવામાં આવી.

સ્પર્ધામાં ૨૩ કૉલેજોમાંથી ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા બે તબક્કામાં થઈ. પહેલા તબક્કામાં સ્પર્ધકોને ૩ જૂથમાં વહેંચ્યા. દરેક જૂથમાં બે નિર્ણાયકોએ ત્રણ ત્રણ શ્રેષ્ઠ યુવાનોને તારવ્યા. બીજા રાઉન્ડમાં કુલ નવ વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા થઈ, જેમાં પ્રથમ ક્રમે સૃષ્ટિ મંડાણી, બીજા ક્રમે શિવાની કશ્યપ અને ત્રીજા ક્રમે કિશન કલ્યાણી પસંદ થયા.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ.માલતીબહેન મહેતા, શ્રી બિપીનભાઈ પટેલ, ડૉ.આરતીબહેન કસબેકર, શ્રી સંજયભાઈ ભાવે, ડૉ.રાજેન્દ્રભાઈ ખાંડવાલા, શ્રી ડંકેશભાઈ ઓઝા અને શ્રી રાજુભાઈ (રાજુદીપ્તિ)એ સેવાઓ આપી હતી.

ગૂજરાત વિદ્યાપીઠના કાર્યકારી કુલ સચિવ શ્રી ડૉ.ભરતભાઈ જોષીએ કહ્યું કે ગરીબી ગામ અને શહેર બંનેમાં છે પણ શહેરમાં વિકાસ થવાને કારણે ગામના લોકો શહેર તરફ આકર્ષાય છે તેથી ગામડાંઓ ભાંગી પડ્યાં છે. આવી સ્પર્ધા સંસ્થા યોજે છે તેથી યુવાનો ગામની સ્થિતિ વિશે જાણે ને ગાંધી વિચારની પ્રેરણા મળે. નિર્ણાયક તરીકે આવેલ ડૉ.માલતીબહેને કહ્યું કે આજના યુવા વર્ગ આટલી સારી રીતે ગાંધી વિચારને સમજે છે વાંચે છે તે જોઈ ખૂબ આનંદ થાય છે.

અહીં પ્રથમ વિજેતા તરીકે પસંદ થયેલા કુ.સૃષ્ટિ મંડાણીનું વક્તવ્ય આપેલ છે.

નમસ્કાર, હું સૃષ્ટિ મંડાણી.

આપણે દૂધમાંથી ઘી બનાવીએ કે ઘીમાંથી દૂધ? ગ્રામ સ્વરાજની કલ્પના વગર ઘી રૂપી હિન્દ સ્વરાજ કલ્પી પણ કઈ રીતે શકાય? પાયો જ્યારે બળવત્તર હશે ત્યારે જ તો રાષ્ટ્રરૂપી ઈમારત ઊભી રહેશે પણ પછી સાહજિક વિચાર આવે કે પરસેવો લૂછવો છે ખેસ જેટલું એ કાપડ નથી, એના હાથમાં સ્વરાજ? આપણે તો મંગળ પર રોકેટો છોડીશું. એના વિશે આ ગામડિયો શું વિચારશે?

અત્યારે કોરોનાકાળમાં જ્યારે વૈશ્વિકીકરણનો મોહ ભાંગ્યો ત્યારે ખરેખર ગ્રામતંત્રનું મહત્ત્વ સમજાયું કે જ્યારે ઘરમાં આગ લાગે ત્યારે બાજુમાં રહેલ નળ કામ લાગે, નહીં કે કિલોમીટર દૂર રહેલું વિશાળ ઊંડું તળાવ, આજે જ્યારે આ નળ જેવા સ્રોતસમાં ગામોનાં જ વળતાં પાણી થયા છે ત્યારે પ્રશ્ન થાય શું કામ ગાંધીજી, વિનોબા ભાવે જેવા મહાનુભાવો ગ્રામ સ્વરાજ પર ઝોક આપતા?

ભારત જેવા વિશાળ અને વિવિધતાથી સધ્ધર દેશમાં માત્ર કેન્દ્ર કે રાજ્ય દરેક નાગરિકની જરૂરિયાત સમજી પણ ન શકે, એમાં પૂરી કરવી તો દૂરની વાત અને વધુમાં બધા નાગરિકોને બધી સગવડ પરવડે એ પણ જરૂરી નથી તેથી જ જરૂર છે એક એવા માળખાની એ બંને વચ્ચે બંનેનો ભાગ બને, જેથી નાગરિક કલ્યાણ થકી દેશનું કલ્યાણ થાય. એ માળખું શક્ય છે ગ્રામ સ્વરાજથી, વૈદિકકાળના ગ્રામથી લઈને ગાંધીજીના ગામડા સુધી બધે તે રાજકીય સત્તાનો પાયાનો એકમ રહી છે અને છેક હમણાં ૧૯૯૩માં બંધારણીય દરજ્જો અપાયેલી પંચાયતી રાજની સંસ્થાઓ પણ તેની ઝલક છે. હા, થોડી ઓછી રાજકીય અને આર્થિક સ્વતંત્રતા સાથે. પણ જો ગ્રામજનોના હાથમાં પૂરતી સ્વાયત્તતા હોય, સરકારી પ્રતિનિધિના ચશ્માંરૂપી વચેટિયા અને સંકુચિત ખાપ પંચાયતનું રાજ દૂર કરાય. લોકોને જ પોતાના હકો અને ફરજો પ્રત્યે જાગૃત કરાય તો આ શક્ય છે.

એક એવું તંત્ર જેનું પૈડું સદાકાળ ફરે નહીં કે યાંત્રિક યુગની જેમ ઈંધણ પૂરું થતાં અટકે. આપણા બેફામ વપરાશથી સંસાધનો નામશેષ થશે પછી મોં ખોલી ઊભેલા steelના દાનવોનું શું કરશું? તેનો જવાબ JC Kumarappan પાસે છે જેમણે ગાંધીજીની ખૂબ નજીક રહી "ગાંધીવાદી અર્થશાસ્ત્રનો ખ્યાલ



આપ્યો અને કહ્યું 'આપણે પૃથ્વી પર અનંતકાળ માટે રહેવાના છીએ એ રીતે સંસાધનો ન પ્રયોજાય અને એમણે માર્ગ સૂચવ્યો ગ્રામોદ્યોગનો, ગ્રામ સ્વનિર્ભરતાનો અને ગ્રામ સ્વરાજનો" ઓર્ગેનિક ખેતીથી લઈ સહકારી સંસ્થાઓ, ટપક સિંચાઈ, સોલાર પેનલો અને શું ન થઈ શકે ! સ્થાનિક મહત્ત્વની વસ્તુને જીઆઈ ટેગ આપી અર્થ ઉપાર્જનના દ્વાર ખોલીએ, જેથી અમેરિકા જેવા દેશ લીમડો અને હળદર જેવી સર્વગ્રાહી વસ્તુઓના બૌદ્ધિક સંપત્તિના હક્કો ન લઈ જાય. હરિત, શ્વેત અને ગ્રામોદ્યોગ ક્રાંતિનો ત્રિવેણી સંગમ સધાય. રાજેન્દ્ર શાહનું 'આપણે ખેતરીયે મંગલ' યાદ આવી જાય એવો ગ્રામોદ્ધાર કરીએ.

માત્ર રાજકીય અને આર્થિક જ શું કામ? જ્યારે દેશનો ૯૦ ટકા વિસ્તાર બિનશહેરી હોય ને ૭૦ ટકા વસ્તીને પોષતો હોય તો ગામ એ સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સમતોલ અને ટકાઉ વિકાસ માટે પાયાનો એકમ બની જાય છે. પાણી માટે વલખતાં ખેતરનો અવાજ હોય કે ચૂલામાં હવા ફૂંકતી પડદા પ્રથાનો, ગામના છેવાડે પેલા અસ્પૃશ્ય ઠેરવાયેલાં કાચાં મકાનોનો હોય કે દેશના ૮૦ ટકા વૃદ્ધિ જે ગામમાં વસે છે તેમની લાકડીનો અવાજ હોય, કે પછી હજુ ડગલી ભરતા બાળકના ભવિષ્ય હોય - ગ્રામ સ્વરાજ આ બધા અવાજોને સમન્વિત કરતું ધબકતું તંત્ર છે. ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો અને કૌટુંબિક પરંપરાની સોડમ હજુ એ ગામમાં સચવાઈ છે સાથે મહિલા સરપંચને નિર્ણય લેતી જોઈ ગામની સમય સાથે હામ ભીડવાની તાકાતનો પણ પરિચય થાય. ખેતરની વચ્ચે પોતાની કોઠાસૂઝ સાથે આકાશમાં મીટ માંડે અને સ્માર્ટફોનથી વરસાદ અંદાજે, કે પછી ગણતરના જ્ઞાનથી પાણીનો સંયમપૂર્વક ઉપયોગ કરી સેટેલાઈટથી ભૂગર્ભજળનો અંદાજો લગાવે અને આ રીતે માત્ર આજ માટે નહીં, કાલ માટે ગ્રામ સ્વરાજ ટકાવીએ.

'એવા આવે ધરતીના સાદ રે હાલો ભેરુ ગામડે'નો સાદ પાડતા આપણે સૌ ગોપ-ગોપી બની આ ધરાને નંદગ્રામ બનાવવા અને ધરાવાસીઓને સુરાજ્ય બક્ષવા ગ્રામ સ્વરાજનો મંત્ર જપીએ.

અસ્તુ

**- સૃષ્ટિ મંડાણી**

## ૬. પુસ્તક પરિચય

પુસ્તકનું નામ : વિચાર પુરુષ ઠાકોરભાઈ

લેખક : વિષ્ણુભાઈ દવે

પ્રકાશક : દિનેશભાઈ શાહ મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, યુવક વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ

પ્રાપ્તિ સ્થાન : યુવક વિકાસ ટ્રસ્ટ, નવજીવન પ્રેસ પાસે, ઑફ આશ્રમરોડ, અમદાવાદ-૧૪.
ફોન : ૦૭૯-૨૭૫૪૦૪૮૨

આજે આપણે મુરબ્બી ઠાકોરભાઈ દેસાઈની વાત કરવાની છે. તેમને યાદ કરતા જ એક સાદી, સરળ અને કર્મઠ પ્રતિભા આપણી નજર સમક્ષ ઊભી થાય છે. એમના આચાર-વિચારો, પ્રમાણિકતાએ અનેક લોકોને આકર્ષ્યા હતા. શ્રી વિષ્ણુભાઈ દવે લિખિત અને યુવક વિકાસ ટ્રસ્ટ દ્વારા સન ૨૦૦૨માં પ્રકાશિત આ પુસ્તકમાં ગુજરાતના જાહેરજીવનના મોભી શ્રી ઠાકોરભાઈ દેસાઈનું જીવન અને કવન આલેખવામાં આવ્યું છે. આખું પુસ્તક ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે. પહેલા વિભાગમાં એમના અસાધારણ વ્યક્તિત્વની વાત છે. બીજા વિભાગમાં એમનું ગાંધીવિચાર સાથેનું અનુસંધાન અને ત્રીજામાં એમનો પ્રવર્તમાન રાજકારણમાં ફાળો એ વિશે ચર્ચા કરવામાં આવી છે. પુસ્તકમાં એમનું જીવન વૃત્તાંત, કેટલીક વિચારકણિકાઓ અને શ્રદ્ધાંજલિઓ પણ મૂકવામાં આવી છે. દરેક પ્રકરણ શ્રી ઠાકોરભાઈ દેસાઈના જીવનના કોઈ એક પાસાને ઉજાગર કરે છે. શ્રી ઠાકોરભાઈ ગાંધીભક્ત / અનુયાયી તો ખરા જ પણ સાથે સાથે શિક્ષણકાર, રાજકારણી અને ગુજરાતના જાહેર જીવનના મોભી હતા. તેઓ કહેતા મૂળ વાત પકડાવી જોઈએ અને આ મૂળ વાત એટલે ગાંધી વિચાર. ૧૯૨૧ની અસહકારની લડતમાં તેઓ વિદ્યાપીઠમાં જોડાયા અને સ્નાતક થયા. એમની સાદગી, સરળતા, કર્મઠતા, પ્રામાણિકતાને લીધે ગુજરાતના જાહેર જીવનના તેઓ અભિન્ન અંગ બની ગયા હતા. એમનો જન્મ ૧૩-૦૨-૧૯૦૩નાં રોજ સુરત જિલ્લાના ગણદેવી તાલુકાના વેગામમાં થયો. શરૂઆતથી જ ગાંધી રંગે રંગાયેલા અને મોરારજીભાઈ સાથે તત્કાલીન આઝાદીની લડતમાં જોડાયેલા. સ્વ.મોરારજીભાઈના વિશ્વાસને એમણે બહુ ટૂંકા ગાળામાં જીતી લીધો.



ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકે એમણે ૮ વર્ષ કામ કર્યું અને વિદ્યાપીઠના સંચાલકો અને વિદ્યાર્થીઓના મનમાં ગાંધી વિચાર પ્રત્યે આસ્થા અને નિષ્ઠા વધારવામાં નિમિત્ત બન્યા. નવજીવન પ્રેસ સાથે પણ એમનો એવો જ ગાઢો નાતો રહ્યો છે. ૧૯૬૨ થી ૧૯૬૬ દરમ્યાન તેઓ નવજીવન ટ્રસ્ટના વ્યવસ્થાપક ટ્રસ્ટી પણ રહ્યાં. એમણે અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ઘણા અનુવાદો કર્યા. એમનો ગીતા પ્રવચનોનો અનુવાદ અને જવાહરલાલ નેહરુના પુસ્તકના અનુવાદ કદાચ ગુજરાતીમાં થયેલા શ્રેષ્ઠ અનુવાદોમાં સ્થાન પામી શકે.

રાજકારણમાં કોંગ્રેસ પક્ષ પ્રતિ એમની પાકી નિષ્ઠા હતી. એમની લોકશાહીની સમજ અને એના સંસ્થાકીય વિકાસનું દર્શન અદ્‌ભુત હતું. સેવાદળની પ્રવૃત્તિઓ સાથે એ ખૂબ નજીકથી સંકળાયેલા. યુવાનો દ્વારા દેશના નવઘડતરના પ્રયાસોના ભાગરૂપે સ્થપાયેલ યુવક વિકાસ ટ્રસ્ટના પણ એ પ્રમુખ રહી ચૂક્યા છે. એમની રહેણીકરણી, એમની બોલી, એમના પહેરવેશ બધામાં સાદગી છલકાતી. બિલકુલ અલગારી જીવ હતા. એમને સંસ્થાના સ્થાપક પ્રમુખશ્રી રામલાલભાઈ સાથે એકદમ ઘરોબો હતો. આ દેશ લોકશાહીમાં મજબૂતીથી પ્રસ્થાપિત થાય એ માટે તેઓ સતત મથતા રહ્યાં છે. ખાસ કરીને લોકશાહીની વિભાવના અને રાજકારણને સમજવા, આ પુસ્તક સહુએ વાંચવા જેવું છે.

ગોળમેજી પરિષદ માટે ઇંગ્લેન્ડ ગયા
ત્યારે એક વાર ગાંધીજીને પૂછવામાં આવ્યું :
'અત્યારે તો તમે સાદગી-સંયમની વાત કરો છો.
પણ એક વાર સ્વરાજ મેળવશો ત્યારે તો
અમારા જેવું જ જીવનધોરણ મેળવવા મથશો ને ?'
જવાબમાં ગાંધીજીએ કહ્યું :
'તે માટે અડધી પૃથ્વીનાં સાધન-સંપત્તિ તમે ઓહિયાં કરી જાઓ છો.
મારો દેશ તમારા કરતાં બારગણો છે.
એટલે તમારા જેવું જીવનધોરણ જાળવવા
અમને ૬ પૃથ્વી જોઈએ,
તે અમે ક્યાંથી લાવીએ ?'

**- વિનોબા**

(...અનુસંધાન પૃ.૨નું ચાલુ)

શિક્ષણ કે સમુદાય શિક્ષણની આવશ્યકતા ઊભી થાય છે. આ શિક્ષણના સુવ્યવસ્થિત આયોજનના અભાવે આજે આપણે અનેક કોયડાઓનો સામનો કરી રહ્યા છીએ. વિકાસના નામે આપણે આપણાં સંસાધનોને ઘટાડી રહ્યાં છીએ. હવા અને પાણી જેવાં સંસાધનોને દૂષિત કરી રહ્યાં છીએ. જ્ઞાનના સીમાડાઓ વિસ્તરતા જાય છે પણ જ્ઞાન સુધીની પહોંચવાળા માણસોની સંખ્યા ઘટતી જાય છે. આપણે અનેક પ્રકારનાં રસાયણો અને મશીનો શોધ્યાં છે. પણ હજી બાળ રસીકરણના પ્રશ્નોને ઉકેલી નથી શક્યા. હજી આપણે જીવાણુથી ફેલાતા રોગોને કે મહામારીને અટકાવી શકતા નથી. કોમ્પ્યૂટરના નેટવર્ક દ્વારા આપણે ભૌગોલિક સીમાડાઓને એવી જ રીતે નગણ્ય કરી નાખ્યા પણ આપણે માણસને માણસ સાથે જોડવામાં, માણસોના નેટવર્કને વિકસાવવામાં નિષ્ફળ ગયા છીએ. આપણાં સંશોધનોમાં કે કાર્યક્રમોમાં હજી આપણે નિરક્ષર કે સીમાંત સમુદાયો માટે અવકાશ ઊભો કરી શક્યાં નથી. શિક્ષણ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે.

આથી જ દેશને પ્રૌઢશિક્ષણ અને જીવંતપર્યંત શિક્ષણની આવશ્યકતા છે. ૧૯૮૦ના દાયકામાં દેશમાં નિરક્ષરતા નાબૂદીની ઝુંબેશ જોરશોરથી ચાલી હતી અને એની હકારાત્મક અસરો ૧૯૯૧ અને ૨૦૦૧ના સેન્સસમાં જોવા મળી હતી. પણ પ્રૌઢશિક્ષણનો ઉદ્દેશ માત્ર અક્ષરજ્ઞાન આપવાનો નથી. આ વાત દરેકે સ્વીકારી હોવા છતાં આપણે પ્રૌઢશિક્ષણ માટે નવી તકો ઊભી કરી શક્યા નથી. હજી આપણે ત્યાં એનું કોઈ સંસ્થાકીય માળખું ઊભું થયું નથી. નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ દેશના દરેક નાગરિકનો શિક્ષણ પરના અધિકારને પાયાના અધિકાર તરીકે સ્વીકારે છે. પણ પ્રૌઢશિક્ષણના વ્યવસ્થિત માળખા અને કાર્યક્રમ વગર એ શક્ય છે ખરું ? આજે ૨૬.૫ કરોડ નિરક્ષર લોકો સાથે પ્રૌઢશિક્ષણ વિના આપણે દરેક બાળકને શિક્ષણ કેવી રીતે પહોંચાડી શકીશું ? વળી પ્રૌઢશિક્ષણ તો આના કરતાં ઘણા વ્યાપક ધ્યેયથી કામ કરે છે. એનો ઉપયોગ રોજગારીને યોગ્ય કૌશલ્ય વિકાસ (૫૦% કરતાં વધારે દેશોમાં) આરોગ્યમાં સુધારો કરવામાં (લગભગ ૬૫% દેશોમાં) પ્રૌઢશિક્ષણથી લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવવાનું, સામાજિક સંવાદિતા વધારવાના, વિવિધતા અને સહિષ્ણુતામાં વધારો કરવાના પ્રયાસો પણ અનેક દેશોએ કર્યા છે.



આપણા દેશમાં પ્રૌઢશિક્ષણની આખી વ્યવસ્થા સ્વૈચ્છિક પહેલ ગોઠવાઈ છે. ઔપચારિક શિક્ષણ વ્યવસ્થા કરતાં આ શિક્ષણને દરેક સ્તરે આપણે ઓછું મહત્ત્વ આપ્યું છે. શિક્ષણ માટે ખર્ચાતી કુલ રકમને ૧% કરતાં પણ ઓછો ખર્ચ પ્રૌઢશિક્ષણના પાછળ થાય છે. ૧૯૧૯/૨૦માં અંદાજપત્રમાં શિક્ષણ માટે કુલ રૂ. ૯૫૦૦૦ કરોડની ફાળવણી થઈ પણ પ્રૌઢશિક્ષણ માટે કોઈ વિશેષ ફાળવણી થઈ નથી. ૨૦૧૯/૨૦ દરમિયાન માત્ર ૧૮ કરોડ રૂપિયા ખર્ચાયા હતા. વસ્તીની સાથે આની સરખામણી થાય તો આ ફાળવણી હસ્યાસ્પદ રીતે ઓછી છે. નવી શિક્ષણનીતિ ૨૦૨૦ ફરી એકવાર પ્રૌઢશિક્ષણની અગત્યને સ્વીકારે છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ યુનેસ્કોની સ્થાપના થઈ ત્યારથી પ્રૌઢશિક્ષણની જરૂરિયાત સ્વીકારાઈ છે. પણ આપણી સ્થાનિક કે રાજકીય વિમર્શમા પ્રૌઢશિક્ષણ કોરાણે મુકાઈ ગયું છે. દેશને માટે સો ટકા સાક્ષરતા મેળવવાનુ જેટલું અગત્યનું અને તાકીદનું છે અને એટલું જ તાકીદનુ પ્રૌઢશિક્ષણમાં અક્ષરજ્ઞાનથી આગળ અન્ય શિક્ષણ માટે યોગ્ય માળખું વિકસાવવાનું છે. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ આ બાબત સૈદ્ધાંતિક રીતે સ્વીકારે છે અને આ માટે NCERTને જવાબદારી સોંપવાનું સૂચન પણ કર્યું છે. ખાસ કરીને એના વિષયવસ્તુને વ્યાખ્યાયિત કરવાની અને તૈયાર કરવાની જવાબદારી NCERTને સોંપી છે. આ માટે નવી શિક્ષણ નીતિમાં મુખ્યત્વે પાંચ પ્રકારના અભ્યાસક્રમોનો સમાવેશ થયો છે :

૧. પાયાનું અક્ષરજ્ઞાન (Foundation Literacy)
૨. જીવન-કૌશલ્ય (જેમાં આરોગ્યને લગતી જાણકારી અને Digital કૌશલ્યનો પણ સમાવેશ થાય છે.)
૩. વ્યાવસાયિક કૌશલ્ય
૪. પ્રાથમિક શિક્ષણ (ખાસ કરીને drop outને ફરી દાખલ કરવાનો કાર્યક્રમ)
૫. નિરંતર શિક્ષણ (જેમાં કલા, સંસ્કૃતિ, ટૅક્નૉલૉજી અને રમત-ગમત એવા તમામ, જેમાં સ્થાનિકોને રસ હોય.)

આ ઉપરાંત પણ ઘણા વિષયો છે. ૧૯૭૨માં યુનેસ્કો દ્વારા પ્રકાશિત "Learning to be" હેવાલ સ્પષ્ટ પણે આલેખે છે કે આ કામ સહેલું નથી. એ વધારે લચીલી શિક્ષણ વ્યવસ્થા, અભ્યાસક્રમો, અધ્યયન-અધ્યાપનની રીત માંગે છે. આ

આખી વ્યવસ્થા અધ્યેતાકેન્દ્રી હોવી જોઈએ. એમાં સર્જનાત્મકતા અને Innovationsને પૂરું મહત્ત્વ મળવું જોઈએ. અત્યારે આ કામ માટે આપણી પાસે તાલીમી કાર્યકરો પણ નથી. જ્યાં સુધી આપણે આ માટેનાં માનવસંસાધનો તૈયાર નહિ કરીએ, ત્યાં સુધી બદલાવ નહીં આવે. આપણે ૨૦૩૦ પહેલા શિક્ષણના જે લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા સંમત થયા છીએ, એ માટે પણ પ્રૌઢશિક્ષણને નવી દૃષ્ટિથી તાત્કાલિક જોવાની જરૂર છે. એ gap-filling નથી પણ દેશની મોટા ભાગની વસ્તીનું સશક્તીકરણ છે. મને લાગે છે કે પ્રૌઢશિક્ષણ એના આ નવા સ્વાંગમાં સમાજશાસ્ત્ર, શિક્ષણની પદ્ધતિ અને સ્થાનિક સમુદાય સાથેના પ્રત્યાયનને બરાબર સમજતા હોય તથા ઉપર કહ્યું તેમ લોકશાહીનાં મૂલ્ય, જીવન કૌશલ્યો અને પોતાના વિશ્વ સાથેના અનુબંધને સમજે તો આપણે શિક્ષણમાંથી ઈચ્છિત પરિણામ મેળવી શકીએ. ભારતની આઝાદીના ૭૫મા વર્ષે આ બાબતે વધુ ગંભીરતાથી વિચાર થાય અને એક મોટું ડગલું ભરાય તે અનિવાર્ય છે.

નવી શિક્ષણનીતિના શબ્દોમાં "The new man must be capable of understanding the global consequences of individual behaviour, conceiving of priorities and shouldering his share of the joint responsibility involved in the destiny of the human race." આપણે ઈચ્છીએ કે એવા માણસો તૈયાર કરવા એક નવી દિશામાં શિક્ષણનું નવસર્જન કરવાની શરૂઆત ત્વરાથી થાય.

> "A Certain degree of physical comforts is necessary but above that it becomes a hindrance. Therefore creating unlimited wants and satisfying them is a delusion and a snare.
>
> I make bold to say that the Europeans will have to remodel their outlook if they are not to perish under the weight of the comforts to which they are becoming slaves."
>
> - *Mahatma Gandhi*



## વાચકોને વિનંતી

*૧. સમુદાય શિક્ષણના ક્ષેત્રે આવી રહેલ જ્ઞાનયુગને ધ્યાનમાં રાખી અનેકવિધ નવતર પ્રયોગો અને કાર્યક્રમો કરતી આ સંસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આપનો સહકાર અમૂલ્ય છે. જો આપ આ સંસ્થાના સભ્ય ન હો તો **વ્યક્તિગત આજીવન** સભ્ય ફી રૂ. ૧,૦૦૦/-, **સંસ્થા** અથવા **યુનિવર્સિટી** માટેની સભ્ય ફી રૂ.૨,૫૦૦/- સંસ્થાના સરનામે તાત્કાલિક મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત સંસ્થા વિશેની કોઈ પણ માહિતીની જો આવશ્યકતા હોય તો અમારો સંપર્ક કરશો.*

*૨. જો આપ આ સંસ્થાના આજીવન સભ્ય હો તો આપના વિશેની સંપૂર્ણ માહિતી (BIO-DATA) અમને મોકલી આપવા વિનંતી. એટલે અનુકૂળતાએ સંસ્થાના મુખપત્ર **'યાત્રાપથ'**માં આપનો પરિચય સમાવી શકાય.*

*૩. દર ત્રણ મહિને પ્રકાશિત થતા 'યાત્રાપથ'ના માધ્યમ દ્વારા સમુદાય શિક્ષણ સાથે આપને જોડવાનો અમારો નાનકડો પ્રયાસ છે. **'યાત્રાપથ'**નું **વાર્ષિક લવાજમ** માત્ર રૂ. ૫૦/- છે. જો આપ આ મોકલી આપશો તો આપના આભારી થઈશું.*

*૪. **'યાત્રાપથ'** વિશે આપના **પ્રતિભાવો** પણ અમને જરૂરથી લખી મોકલશો.* -*તંત્રી*


યાત્રાપથ-ગુજરાતી (ત્રિમાસિક) Registered under RNI No. GUJGUJ/2007/23007

**Published on 15th of January, April, July and October, Posted at Ah'd P.S.O. Office**

Printed and Published by : Mayank Chandrakantbhai Upadhyay on behalf of 'Indian Society For Community Education. Printed at : Arth Computer, 203, Maurya Complex, Opp. C.U.Shah College, Income Tax, Ashram Road, Ahmedabad-380014 Published at Ahmedabad.

Editor : Manda Parikh

वार्षिक लवाजम रु. ५०/-
प्रति नकल : रु. १५/-

Year : 14 Issue No. 2
January - March - 2021

**YATRAPATH**
**INDIAN SOCIETY FOR COMMUNITY EDUCATION**
OFF ASHRAM ROAD,
NAVJIVAN PRESS ROAD,
AHMEDABAD-380014